આજનો સુવિચાર

નહી બોલાયેલા શબ્દોનાં તમે સ્વામી છો, અને બોલાયેલા શબ્દોનાં ગુલામ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૯૫ જૂનાગઢ તા.૦૩-૮-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 195, Junagadh : Date : 03 August, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# જ્ઞાનવાપી મસ્જીદમાં એએસઆઈ સર્વે કરવા અલ્હાબાદ હાઈકોર્ટનો આદેશ

## હાઈકોર્ટે મુસ્લીમ પક્ષની અરજી ફગાવી દીધી : તાત્કાલીક સર્વે શરૂ કરવા પણ આદેશ કર્યો

પ્રયાગરાજ તા.૩

અલ્હાબાદ હાઈકોર્ટે જ્ઞાનવાપીના ASI સર્વેને આદેશ કર્યો છે જયારે મુસ્લિમ પક્ષની અરજી ફગાવી દેવામાં આવી છે. હાઈકોર્ટે સેશન્સ કોર્ટના આદેશનું તાત્કાલિક પાલન કરવા એટલે કે સર્વે શરૂ કરવાનો આદેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ પ્રિતિંકર દિવાકરની સિંગલબેન્ચે આ નિર્ણય આપ્યો છે.

આ અરજી વારાણસીની અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદની મેનેજમેન્ટ કમિટી વતી દાખલ કરવામાંઆવી હતી. ૨૭જુલાઈએ આ અંગેની સુનાવણી દરમિયાન ASI ના એડિશનલ ડાયરેકટર જનરલ આલોક ત્રિપાઠીએ સ્પષ્ટ કર્યું હતું કે સર્વે કરવાથી બાંધકામને કોઈ નુકસાન થશે નહીં. આમાંઆધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. એડિશનલ સોલિસિટર જનરલ શશિ પ્રકાશ સિંહે પણ દાખલ કરવામાં આવેલી એફિડેવિટનો ઉલ્લેખ કર્યો હતો.

અંજુમન ઈન્તેઝામિયા મસ્જિદ કમીટીનાં વરિષ્ઠ વકીલ એસએફએ નકવી અને પુનીત ગુપ્તાએ સર્વેક્ષણને કારણે બિલ્ડિંગ તોડી પડવાની આશંકા વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓના ફોટા પણ બતાવ્યા હતા જેઓ કોદાળીના પાવડા સાથે આવતા હતા. તેમણે કહ્યું કે સર્વેનો આદેશ સમય પહેલા આપવામાં આવ્યો છે. પુરાવા પૂરા થયા બાદ સર્વે કરાવવો જોઈતો હતો. હવે સિવિલ બાદ સુનાવણી લાયક છે કે નહીં, તે બાબતે પણ વાંધા નક્કી કરવાનો છે.

આના જવાબમાં ASI ના એડિશનલ ડાયરેક્ટર જનરલે કહ્યું કે તેઓ ભોંયરામાં ઘણી જગ્યાએ એકઠા થયેલા કાટમાળને સાફ કરવા માટે કોદાળી અને પાવડા લાવ્યા હતા. પરિસરમાં ખોદકામ કરવામાં આવશે નહીં.

એડવોકેટ જનરલ અજય કુમાર મિશ્રાએ કોર્ટને કહ્યું કે રાજ્ય સરકારને આ વિવાદ સાથે કોઈ લેવાદેવા નથી. જરૂર પડે ત્યારે જ કાયદો અને વ્યવસ્થા જાળવવી એ સરકારનું કામછે. જેના માટે પોલીસ PAC, CISF તૈનાત છે.

હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ શંકર જૈને જણાવ્યું હતું કે ન્યાયના હિતમાં ગમે ત્યારે કમિશનરને મોકલીને તપાસ કરવાની કાનૂની સત્તા કોર્ટને મળી છે. એડવોકેટ કમિશ્નરના રિપોર્ટ બાદ અરજદારોએ સાયન્ટિફિક સર્વે માટે અરજી કરી હતી. કારણકે કમિશનરના રિપોર્ટમાં ત્રણેય ગુંબજની નીચે હિન્દુ મંદિરનું શિખર જોવા મળ્યું હતું.

દિવાલ પર સંસ્કૃતના શ્લોકો મળી આવ્યા છે. સ્વસ્તિક સહિત તમામ હિંદુ ધાર્મિક પ્રતીકો મળી આવ્યા છે. નાગરિક વિવાદોના નિરાકરણ માટે ન્યાયના હિતમાં વૈજ્ઞાનિક સર્વે કરાવવો જરૂરી છે. જેને સ્વીકારીને કોર્ટે શિવલિંગ વિસ્તાર સિવાય બાકીના બિલ્ડિંગના એએસઆઈ પાસેથી સર્વે રિપોર્ટ માંગ્યો છે. જેને માત્ર આશંકાના આધારે પિટિશનમાં પડકારવામાં આવ્યો છે. નોંધનીય છે કે ૨૧ જુલાઈ, ૨૦૨૩ના રોજ વારાણસીના જિલ્લા જજની કોર્ટે હિન્દુ પક્ષની અરજી પર જ્ઞાનવાપીના ASI સર્વેને નિર્દેશ આપ્યો હતો. જેની સામે મુસ્લિમ પક્ષ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. ૨૪જુલાઈનારોજ, સુપ્રીમકોર્ટે ૨૬ જુલાઈ સુધી સર્વે પર રોક લગાવી અને મુસ્લિમ પક્ષને અલ્હાબાદ હાઈકોર્ટનો સંપર્ક કરવાની સલાહ આપી હતી.

એએસઆઈની રચના ૧૮૭૧માં પુરાતત્વીય ઈમારતો અથવા અવશેષોની સુરક્ષા માટે કરવામાં આવી હતી. ૧૯૫૧ માં, ASI ને પુરાતત્વીય અવશેષોના જૈવિક સંરક્ષણ માટે યુનેસ્કોની ભલામણ મળી. આ સાથે, તે પુરાતત્વીય ઈમારતો અને અવશેષો પર પણ મોનિટરિંગ કરે છે. કોર્ટે પૂછ્યું કે શું તેઓ પણ ખોદશે? તેના પર ત્રિપાઠીએ કહ્યું કે અમે ખોદકામ કરવાના નથી. કોર્ટમાં હાજર એડવોકેટ જનરલે કહ્યું કે રાજ્ય સરકારની માત્ર કાયદો અને વ્યવસ્થાની જવાબદારી છે. અમે ઓર્ડરનું પાલન કરીએ છીએ. મંદિરનું એક ટ્રસ્ટ છે, તે તેની વ્યવસ્થાઓનું ધ્યાન રાખે છે. સીઆઈએસએફ અને પીએસી ત્યાં સુરક્ષા માટે તૈનાત છે. કાયદો અને વ્યવસ્થા જાળવવાની અમારી ભૂમિકા છે. કોર્ટે પૂછ્યું કે કેસના નિકાલમાં વિલંબ કેમ થઈ રહ્યો છે. આના પર વિષ્ણુ જૈને આ કેસની કોર્ટની કાર્યવાહીની સંપૂર્ણ વિગતો આપી હતી અને જણાવ્યું હતું કે કેસ કેવી રીતે કોર્ટ પ્રક્રિયામાં ફસાઈ રહ્યો છે. કોર્ટે તેમને પૂછ્યું કે તમારે શું જોઈએ છે, ઝડપી નિકાલ? જૈને કહ્યું જી માઈ લોર્ડ. મુસ્લિમ પક્ષ તરફથી વરિષ્ઠ વકીલ સૈયદ ફરમાન અહમદ નકવીએ જણાવ્યું હતું કે સિવિલ સુટની સ્વીકાર્યતા પર SLP સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. હાઈકોર્ટ અને તાબાની અદાલતે ફગાવી દીધી છે. વારાણસીમાં ૧૯ કેસ દાખલ છે. મંદિર કે મસ્જિદ મેનેજમેન્ટ વચ્ચે કોઈ વિવાદ નથી. રાજ્યની બહાર રહેતી કેટલીક મહિલાઓએ પૂજા અને દર્શનના અધિકારની માંગણી સાથે સિવિલ દાવો દાખલ કર્યો છે. અગાઉ સિવિલ જજની કોર્ટમાં, ડિસ્ટ્રિક્ટ જજને સોંપવામાં આવી હતી. તમામ દાવાઓ બહારના લોકો દ્વારા દાખલ કરવામાં આવ્યા છે. વાદિનીના વકીલ પ્રભાષ પાંડેએ કહ્યું કે એક ફોટોગ્રાફ છે, જેના પરથી સ્પષ્ટ થાય છે કે મંદિર છે. આ સાથે હાઈકોર્ટે ચુકાદામાં કહ્યું છે કે વાદીને શૃંગાર ગૌરી, હનુમાન, ગણેશ પૂજા જોવાનો કાયદાકીય અધિકાર છે.

તેના પર કોર્ટે કહ્યું કે તમારી દલીલ અલગ લાઈનમાં ચાલી રહી છે. અમે અહીં પુરાવા લખી રહ્યા નથી. અમે સાંભળી રહ્યા છીએ કે સર્વે કરવો જોઈએ કે નહીં અને સર્વે શા માટે જરૂરી છે. આ અંગે પ્રભાષ પાંડેએ જણાવ્યું હતું કે આ મુદ્દે નિર્ણય લેવા માટે સર્વે જરૂરી છે.

## ઈરાનમાં ભીષણ ગરમી : બે દિવસનું લોકડાઉન

તહેરાન,તા.૩: ગ્લોબલ વોર્મિંગના વિનાશક પરિણામો વિશ્વના દરેક દેશો વધતે ઓછે અંશે ભોગવી રહ્યા છે. હાલમાં ભારતના ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે, જયારે પડોશી દેશ ઈરાનમાં ગરમીના કારણે ‘લોકડાઉન’લાદવામાં આવ્યું છે. દેશમાં કાળઝાળ ગરમીને કારણે બે દિવસની સરકારી રજા જાહેર કરવામાં આવી છે, જેના કારણે ગઈ કાલે બુધવાર અને આજે ગુરુવારે તમામ શાળાઓ, બેંકો અને સરકારી કચેરીઓ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી એજન્સીઓનું કહેવું છે કે કાળઝાળ ગરમીના કારણે લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ રહી છે. આ ઉપરાંત વધુ વપરાશને કારણે વીજળીની અછત સર્જાય છે અને મોટા પાયે કાપ મૂકવો પડે છે.

ઈરાનના દક્ષિણી શહેરોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સીયસ સુધી પહોંચી રહ્યું છે. મંગળવારે, તેહરાન સહિત ઘણા મોટા શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સીયસની નજીક હતું. ઈરાનના સરકારી પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ‘આગામી દિવસોમાં અભૂતપૂર્વ ગરમી પડવાની સંભાવના છે. જેના કારણે સરકારે બે દિવસના દેશવ્યાપી બંધનો નિર્ણય લીધો છે.’ મંગળવારે તેહરાન સહિત દેશના એક ડઝન શહેરોમાં તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સીયસથી વધુ હતું.

# ફિલ્મ પાયરસી અટકાવવા સંસદમાં કાયદો પસાર : નવા કાયદામાં ૩ વર્ષની જેલ, પ્રોડકશન ખર્ચનાં પાંચ ટકા દંડની જોગવાઈ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૩

દેશમાં મ્યુઝીક-વિડીયો અને બાદમાં હવે આધુનિકટેકનોલોજીના આધારે પુરેપુરી ફિલ્મની થતી પાઈરેસી રોકવા અંતે સંસદે કાનૂન પસાર કરવાની તૈયારી કરી છે. સોમવારે લોકસભાએ સિનેમેટોગ્રાફ એકટ (સુધાર) ૨૦૨૩ ખરડાને મંજુરી મળતા હવે ફિલ્મોની પાયરેસી પણ એક મુશ્કેલ સ્થિતિ બનશે અને તેમાં ત્રણ વર્ષ સુધીની જેલ સજાની પણ જોગવાઈ છે.

સંસદમાં હંગામા વચ્ચે સૂચના પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે આ વિધેયક પરથી ટુંકી ચર્ચામાં કહ્યું કે, પાયરેસીથી ફકત ફિલ્મ ઉદ્યોગ જ નહી સરકારને પણ ભારે નુકશાન સહન કરવું પડી રહ્યું છે. ફિલ્મ ઉદ્યોગને જ પાયરેસીથી વર્ષે રૂા.૨૦૦૦૦ કરોડનું નુકશાન થાય છે. હાલમાં આ ખરડો ધ્વની પરથી પસાર કરાયો હતો.

ફિલ્મ ઉદ્યોગને પાયરેસીથી બચાવવા માટે કરાયેલા સુધારામાં હવે રાજયસભાની મંજુરી સાથે તે રાષ્ટ્રપતિને સહી માટે મોકલશે અને તેમાં પણ નિયમો તથા જોગવાઈઓ પણ બનાવાશે. પ્રાથમીક રીતે ફિલ્મની પાયરેસી માટે ત્રણ વર્ષની જેલ સજા નિશ્ચિત થઈ છે તથા ફિલ્મના પ્રોડકશન ખર્ચના ૫%નો દંડ પણ અત્યારના કાનૂન મુજબ પાયરેસી એ કોપીરાઈટ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એકટ હેઠળ આવતી હતી. જયારે સિનેમેટોગ્રાફી એકટમાં કોઈ સજાની જોગવાઈ ના હતી.

જે નવા સુધારેલા કાનૂનમાં દાખલ કરવામાં આવી છે. હાલમાં જ બોલીવુડની ફિલ્મ બ્રહ્માસ્ત્ર આ પ્રકારની વેબસાઈટ પર પુરેપુરી લીક થતા મામલો છેક દિલ્હી હાઈકોર્ટ સુધી પહોંચી ગયો હતો. નવા સુધારાથી સિનેમેટોગ્રાફી એકટ ઉપરાંત આઈટી અને કોપીરાઈટ એકટ બન્ને સાથે પણ સંકલન કરાયુ છે. જો કે આ કાનૂન છતા હજુંઅનેક પ્રશ્નો છે. આ કાનૂન હેઠળ થિયેટરમાં તમો ફિલ્મ જોતા સમયે એક બે મીનીટનો વિડીયો શુટ કરો તો અપરાધ નહી પણ પુરી ફિલ્મ શુટ કરી તેનો કમાણીના હેતુથી તે ઓનલાઈન પોષ્ટ કરો કે પેનડ્રાઈવમાં તમો વિતરીત કરો તો તે આ કાનૂન હેઠળ આવશે.

## ચીનમાં ૧૮ વર્ષથી નીચેના બાળકોને માત્ર બે કલાક જ મોબાઈલનો ઉપયોગ કરવા દેવાશે

બૈજીંગ તા. ૩ : ચીનની સાયબર રેગ્યુલેટરી બોડીએ ભલામણ કરી છે કે ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ફોનનો ઉપયોગ કરવાની મર્યાદા નક્કી કરવી જોઈએ. નિયમનકારે બે કલાકની મર્યાદા નક્કી કરવાનું સૂચન કર્યું છે. ચીનના સાયબરસ્પેસ એડમિનિસ્ટ્રેશનનું કહેવું છે કે બાળકોને દિવસમાં માત્ર બે કલાક જ ફોનનો ઉપયોગ કરવાની છૂટ છે. તેનાથી તેઓ સ્વસ્થ રહેશે અને સમયનો બગાડ પણ અટકાવશે. માનવામાં આવે છે કે આ પછી સરકાર કોઈ નિયમ બનાવી શકે છે. આ નિર્ણય સ્વાસ્થ્ય અને શિક્ષણની દ્રષ્ટિએ બાળકોના હિતમાં હોઈ શકે છે, પરંતુ ઈન્ટરનેટ અને ટેક કંપનીઓ માટે તે ખોટનો સોદો છે.

## હરીયાણા હિંસા : ધાર્મિક સ્થળોએ લોખંડી બંદોબસ્ત તૈનાત

નુહ તા. ૩

નૂહમાં બ્રિજમંડળ શોભાયાત્રા દરમિયાન થયેલી હિંસા બાદ આ વિસ્તારમાં એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. શહેરના મુખ્ય બજારમાં આવેલા હનુમાન મંદિર અને મસ્જિદની બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અહીં ૨૪ કલાક પોલીસકર્મીઓ તૈનાત છે.

આ સાથે અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવા પોલીસને સૂચના આપવામાં આવી છે. સામાન્ય લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. ગેરમાર્ગે દોરતા વીડિયો અને ફોટાઓ પ્રસારિત કરશો નહીં. આવી સામગ્રી પર વિશ્વાસ કરશો નહીં. તરવડી પોલીસ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર છે.

બીજી તરફ, રાજ્ય સરકારે મોડી રાત્રે એક આદેશ જારી કર્યો, જેમાં જણાવાયું કે હરિયાણા સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તાત્કાલિક ઓપરેશનલ જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોલીસ કોમ્પ્લેક્સ, ભોંડસીથી ૨જી IRBના બટાલિયન હેડક્વાર્ટરને તાત્કાલિક નૂહમાં ખસેડવાનો નિર્ણય લીધો છે. શાંતિ અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે, નૂહ, ફરીદાબાદ અને પલવલ જિલ્લાના કાર્યક્ષેત્રમાં અને ગુરુગ્રામ જિલ્લાના સોહના, પટૌડી અને માનેસર પેટા વિભાગોના પ્રાદેશિક અધિકારક્ષેત્રમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવાઓ ૫ ઓગસ્ટ સુધી સ્થગિત રહેશે.

# ખાલિસ્તાનીઓએ કેનેડામાં ભારતીય દૂતાવાસ પર વિવાદાસ્પદ પોસ્ટર લગાવ્યા : ભારતનો ઉગ્ર વિરોધ

ટોરન્ટો તા. ૩

કેનેડામાં ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારતીય અધિકારીઓને ધમકી આપવાના પ્રયાસો સતત ચાલુ છે.

ગઈ કાલે ફરી એકવાર કેનેડાના વેનકુવરમાં ભારતીય દૂતાવાસ પર ભારતના રાજદ્વારીઓ અને કોન્સ્યુલ જનરલની તસવીરોવાળા પોસ્ટરો ચોંટાડવામાં આવ્યા છે. આ પોસ્ટર પર ‘વોન્ટેડ’ શબ્દ લખવામાંઆવ્યો હતો. કેનેડામાં માર્યા ગયેલા ચીફ હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો આ પોસ્ટરમાં ઉલ્લેખ છે. ભારત વિરોધી ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવે છે. કોન્સ્યુલર સંબંધો પર વિયેના કન્વેન્શન હેઠળ, કોઈપણ દેશના દૂતાવાસની સુરક્ષા જે તે દેશની જવાબદારી છે.

આવી સ્થિતિમાં ગઈ કાલે સવારે જ્યારે ભારતીય અધિકારીઓને આ અંગેની જાણ થઈ, ત્યારે તેઓએ કેનેડિયન અધિકારીઓને આ ચૂક અંગે ફરિયાદ કરી હતી જે ચૂકના કારણે ભારતના કોન્સ્યુલેટ જનરલની ઈમારત પર ભારત વિરોધી પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. રિપોર્ટ અનુસાર આ પોસ્ટરો વહેલી સવારે લગાવવામાં આવ્યા હતા. દૂતાવાસે તાત્કાલિક પગલાં લેવા માટે સ્થાનિક અધિકારીઓ સાથે આ મુદ્દો ઉઠાવ્યો છે.

## ગાંધીનગર આરટીઓમાં ટેસ્ટ ડ્રાઈવ વગર જ લાયસન્સ કાઢી આપવાનું કૌભાંડ ઝડપાયું : ૨૦ એજન્ટની અટકાયત

ગાંધીનગર તા.૩

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ફરી એક કૌભાંડ સામે આવ્યુ છે. ગાંધીનગરના RTO માં ટેસ્ટ ડ્રાઈવ વગર જ લાયસન્સ કાઢી આપવાનું કૌભાંડ બહાર આવ્યુ છે. આ કૌભાંડમાં સંડોવાયેલા ૨૦ જેટલા એજન્ટની અટકાયત કરી સાયબર ક્રાઈમ બ્રાન્ચે પૂછપરછ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ૫૦૦ જેટલા શંકાસ્પદ લાયસન્સ ટેસ્ટ ડ્રાઈવ વગર નીકળ્યા હતા. આ કૌભાંડમાં સાયબર ક્રાઈમ બ્રાન્ચે અગાઉ પાંચ એજન્ટની ધરપકડ કરી હતી.

સાથે જ આ સમગ્ર કૌભાંડમાં RTO અધિકારીઓની સંડોવણી હોવાની પણ આશંકા છે. ત્યારે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## દેશભરમાં ટમેટાનાં ભાવ રૂા. ૩૦૦ થઈ જવાની આશંકા

નવી દિલ્હી તા. ૩

ટામેટાંએ હાલમાં મોટાભાગના લોકોના ભોજનનો સ્વાદ બગાડ્યો છે. તેને લીધે તો લોકોના રસોડાના બજેટ પર પણ માઠી અસર જોવા મળી રહી છે. ત્યારે લોકોને આગામી સમયમાં રાહત મળવાના પણ કોઈ સંકેત દેખાઈ રહ્યા છે. લોકો માટે ચિંતાજનક અહેવાલ એ આવ્યા છે કે ટામેટાંના ભાવમાં તેજીનો માહોલ યથાવત્ રહી શકે છે.

ટામેટાંના જથ્થાબંધ વેપારીઓએ આશંકા વ્યક્ત કરી છે કે આવનારા દિવસોમાં ટામેટાંના ભાવ ૩૦૦ રૂપિયા કિલોને આંબી જશે. તેની પાછળનું કારણ ટામેટાંની આવક ઘટવાનું જણાવાયું છે. તેમનું કહેવું છે કે તેની અસર રિટેલ ભાવમાં વધારા તરીકે જોવા મળી શકે છે.

હાર્દિક શુભેચ્છા....



કલ્યાણ
સુખડીયા આર. કે. મીઠાઈવાલા
મીઠાઈ તથા ફરસાણનાં પ્રખ્યાત વેપારી

| કલ્યાણ સ્વીટ માર્ટ | કલ્યાણ સ્વીટ માર્ટ |
| --- | --- |
| સંઘાડીયા બજાર, જૂનાગઢ | કોલેજ રોડ, જૂનાગઢ |
| મો. ૯૪૨૬૭ ૮૧૬૧૫ | ફોન : ૨૬૨૭૬૫૭ |

કલ્યાણ સ્વીટ માર્ટ
ગીરીરાજ મેઈન રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૩૬૦૯૫




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

‘ફ્લાય ફાસ્ટ’ પાર્સલ સર્વિસ-હવે આપના દ્વારે ‘સૌરાષ્ટ્ર ભૂમિ’ દૈનિકની સાથોસાથ
એક નવું સોપાન કુરિયર ક્ષેત્રમાં એક નવી ઉડાન

જૂનાગઢ, કેશોદ, વેરાવળ, કોડીનાર, ઉના, દીવ
એ જ દિવસે ડિલિવરી...

ફ્લાય ફાસ્ટ પાર્સલ સેવા... આપનો વિશ્વાસ પ્રયાસ અમારો...



સૌરાષ્ટ્ર ભૂમિ
FlyFast
POWERED BY SAURASHTRA BHOOMI
SAME DAY DELIVERY
પાર્સલ સર્વિસ

ડેઈલી સર્વિસ જૂનાગઢથી સવારે ૧૧:૩૦

CALL : 99097 06464

ફ્લાય ફાસ્ટ, સૌરાષ્ટ્રભૂમિ મીડિયા હાઉસ, જેલ રોડ, જૂનાગઢ

# બિલખામાં પુર પિડીત કુટુંબોને સત્યમ સેવા યુવક મંડળ અને દાતાઓ તરફથી કીટનું વિતરણ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા) બિલખા તા. ૩

બિલખામાં ગત તા. ૨૨ જુલાઈનાં દિવસે ભયંકર પુર હોનારત થતા નીચાણવાળા વિસ્તારોમાં સેંકડો કુટુંબોની કિંમતી ઘરવખરી તણાઈ ગયેલ હતી. આવા કુટુંબોની પીડા ધ્યાને લઈ જૂનાગઢના સત્યમ સેવા યુવક મંડળ તેમજ રાહીલ ફાઉન્ડેશન દ્વારા દાતાઓના સહકારથી આવા પિડીત પરીવારોને કરીયાણા અને કપડાની કીટો આપવામાં આવતા લોકોમાં આનંદની લાગણી જોવા મળે છે. આ તકે જૂનાગઢથી સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ સભ્યશ્રીઓ ખાસ ઉપસ્થિત રહયા હતાં. આ ઉપરાંત કીટ વિતરણ સમયે બિલખાના ઉપસરપંચ સોયબભાઈ ચોટલીયા, સભ્ય રણજીતભાઈ બાબરીયા, દલીત આગેવાનો પ્રકાશભાઈ ખાવડુ, પરસોતમભાઈ મહીડા, રઘુવીર સેના પ્રમુખ અમીતભાઈ ગણાત્રા, શૈલેષભાઈ માંડાણી, છત્રપાલભાઈ ધાંધલ, પત્રકાર સુલ્તાનભાઈ ચૌહાણ, સર્વોદય યુવક મંડળના ફુલાભાઈ સગર, આશિષભાઈ વસાવડા, ગોરધનભાઈ કાપડી, મુકેશભાઈ જોડીયા, મનીષભાઈ મકવાણા, ગંભીરભાઈ ભટી, પ્રવિણભાઈ ઓડ વગેરેએ દાતાઓનુ પુષ્પથી સ્વાગત કરી વિતરણમાં મદદરૂપ બન્યા હતાં.

# :: જૂનાગઢ જીલ્લાની પોલીસ ડાયરી ::

### જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં જુગાર અંગે વ્યાપક દરોડા

જૂનાગઢના ઝાંઝરડા રોડ, કુંજ સ્કવેર પાસે, શાંતીનગર, કલ્પઉપવન નજીક આવેલ એક એપાર્ટમેન્ટના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે જુગાર અંગે દરોડો પાડતા એક મકાનમાંથી આઠ મહિલાઓને રૂા.૧,૬૮,૫૬૦ના રોકડ મુદ્દામાલ સહિત ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### વંથલી જુગાર દરોડો

વંથલી પોલીસે ગઈકાલે જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા એક શખ્સોને વરલી મટકાના જુગાર રમાડતા રૂા.૩૮૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બે સામે કાર્યવાહી કરી છે.

### માણાવદર જુગાર દરોડો

માણાવદર પોલીસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૧૩,૫૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે અને જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### માંગરોળ પંથકમાં જુગાર દરોડો

માંગરોળ મરીન પોલીસે જુગાર અંગે દરોડો પાડતા છ મહિલા સહિત સાતને જાહેરમાં જુગાર રમતા રૂા.૧૨,૨૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનાગઢ અને માખીયાળામાં સગીર બાળાને ભગાડી ગયા અંગે ફરિયાદ

જૂનાગઢના બિલખા રોડ, ધરાનગર, પાઠકનગર, હુડકા પોલીસ લાઈન નજીકના વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીર વયની બાળાને માણાવદરના મિતડી રોડ ઉપર વાદીવાસ નજીક રહેતા સાગર ખેરાતભાઈ વાઘેલા નામનો શખ્સ લલચાવી ભગાડી ગયાની ફરિયાદ સી ડીવીઝન પોલીસમાં નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. જયારે જૂનાગઢ તાલુકાના માખીયાળા ગામે સીમ વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીર વયની બાળાને જાલણસર ગામનો ચેતન કાનજીભાઈ માવી નામનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા તાલુકા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જૂનાગઢ : એક્ટીવાની ઠોકરે માઉન્ટેડ શાખાના અશ્વ સનમને ઈજા

જૂનાગઢ માઉન્ટેડ શાખાના પોલીસ કર્મી જગદીશભાઈ કરમુર અને મહેન્દ્રસિંહ સરવૈયા રાત્રે માઉન્ટેડ શાખાના સરકારી અશ્વ સનમ અને આઝાદને લઈને પેટ્રોલિયમમાં જતા હતા. ત્યારે સર્કિટ હાઉસ પાસે આવેલ સુભાષ મહિલા કોલેજ નજીક બીલખા રોડ તરફથી આવેલ જીજે-૧૧-સીકે-૫૫૯૨ નંબરમાં ડબલ સવારી એક્ટીવાએ અશ્વ સનમને પાછળથી ઠોકર લગાવી હતી. જેના કારણે સનમને ડાબા પગના ભાગે ઈજા થઈ હતી. અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવતા સી ડીવીઝન પોલીસે પંચેશ્વર રોડ વિસ્તારમાં રહેતા એક્ટીવા ચાલક ગૌરવ અજયભાઈ સોલંકી સામે ગુનો દાખલ કર્યો છે.

# જૂનાગઢ : પી.એચ.ડી. થયા



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

ભાવિન મનસુખલાલ રોકડ જેની ગુજરાત સ્પોર્ટ્સ એકેડેમીના ચેરમેન અને રોલર સ્કેટિંગ એશો. જૂનાગઢના પ્રેસિડેન્ટ અને રમત ગમતની ઘણી બધી રજીસ્ટર સંસ્થા સાથે જોડાયેલ જૂનાગઢ ખાતે કાર્યરત છે. તેઓએ તાજેતરમાં તજજ્ઞ ડો. એમ.પી. ત્રાડા (પ્રિન્સીપાલ, J.J.C.E.T. કોમર્સ કોલેજ-જૂનાગઢ)ના માર્ગદર્શન હેઠળ ફિઝિકલ એજ્યુકેશનમાં "A COMPARATIVE STUDY OF SPORTS, ANXIETY, MENTAL HEALTH AND PHYSICAL FITNESS OF STUDENTS STUDYING IN GSEB AND OTHER BOARD SCHOOLS OF JUNAGADH DISTRIC"નો શોધનિબંધ તૈયાર કર્યો હતો. જેને માન્ય રાખી જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિર્વસિટીમાંથી "પી.એચ.ડી."ની પદવી એનાયત કરવામાં આવી છે. ડો. ભાવિન મનસુખલાલ રોકડ આ પદવી મેળવી જૂની સાંકળીમાં રોકડ પરિવારનું નામ રોશન કર્યું છે અને સમાજનું ગૌરવ વધાર્યું છે. જે બદલ સમાજ વતી અનેક- અનેક શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

# ઉના શહેરમાં વિધાનગર પાસે બેફામ દોડતા ડમ્પરે વધુ અકસ્માત સર્જતા એક મહિલાનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત

(નિરવ ગઢિયા દ્વારા) ઉના તા.૩

ઉનામાંથી માતેલા સાંઢની જેમ ડમ્પરોમાં મોટાં પથ્થરો લઈને દોડતા વાહનોને લઈ શહેરમાં આક્રોશ વ્યાપી ગયેલ હોય ત્યારે ઉના શહેરમાં બેફામ ચાલતા ડમ્પરે વધુ એક મહિલાનો ભોગ લીધો હતો. ઉના દેલવાડા રોડ ઉપર આવેલ વિદ્યાનગર પાસે એક ડમ્પર ચાલકે બાઈકને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં મહિલા ઉપર ડમ્પરના વિલનું ટાયર ફરી વળતા મહિલાનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું.

ગીરગઢડાનાં ફૂલકા ગામે રહેતાં મનીષાબેન મોહનભાઈ વંશ તેમજ મોહનભાઈ વંશ બન્ને પતિ-પત્ની બાઈક નં. જીજે-૩૨-એમ-૪૬૧૦માં દેલવાડા રોડ ઉપર ઉના તરફ આવતા હતા. ત્યારે વિદ્યાનગર પાસે ડમ્પર નં. જીજે-૩૨-ટી-૭૧૧૩ના ચાલકે બાઈક સવાર દંપતીને અડફેટે લેતાં રસ્તા ઉપર પટકાતા મહીલા ઉપર ડમ્પરના વીલનું ટાયર ફળી વળતા મનીષાબેન ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નિપજયું જ્યારે પતિ મોહનભાઈને ગંભીર ઈજા પહોંચતા ઈમરજન્સી ૧૦૮માં સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. અકસ્માતની ઘટના સર્જાતા ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટયા હતા.

તેમજ ઉના એ.એસ.પી. પી.આઈ. સહીત પોલીસ ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યારે ડમ્પર ચાલક અકસ્માત સર્જી નાસી છૂટયો હતો. આ અંગે પોલીસે ડમ્પર ચાલક વિરૂધ્ધ નાનુભાઈ બાબુભાઈ વંશ એ ઉના પોલીસમા ફરીયાદ નોંધાવતા પોલીસે ડમ્પર ચાલકને ઝડપી પાડવા આગળની તપાસ હાથ ધરેલ છે.

## જૂનાગઢમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર સામે કડક પગલા : ૬.૪ લાખનો દંડ વસુલ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ ટ્રાફિક પોલીસ દ્વારા જુલાઈ ૨૦૨૩માં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર કુલ ૨૩૩૯ વાહનચાલકો સામે કાર્યવાહી હાથ ધરી છે અને અત્યાર સુધીમાં ૬.૪ લાખનો દંડ વસુલ કરવામાં આવેલ છે.

## જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે ઈમરજન્સીમાં જરૂરિયાતમંદ દર્દી માટે રક્તદાન કરતા આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૩

જૂનાગઢની સિવિલ હોસ્પિટલ ખાતે ડીલેવરી માટે દાખલ થયેલ સંગીતાબેન વિષ્ણુભાઈને લોહીની જરૂર પડેતા દર્દીના સગાએ ગિરનારી ગ્રુપના સમીરભાઈ દંતાણીનો સંપર્ક સાધીને દર્દી પ્રત્યેની પરિસ્થિતિ વર્ણવીને 'એબી પોઝીટીવ' લોહીની તાત્કાલિક જરૂરત હોવાનું જણાવેલ હતું. એમની આ વાતને જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવનું લોહી પણ દર્દીને લાગુ પડતું હોવાથી તેમને રક્તદાન કરવા માટેની અપીલ કરતા ડો. ચિંતન યાદવ પોતાનો કિંમતી સમય ફાળવીને સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક ખાતે રાત્રે રક્તદાન કરી માનવતાને મહેકાવી હતી.

## જૂનાગઢમાં માયનેસ્ટ કે એપાર્ટમેન્ટમાં પુરૂષોત્તમ માસ નિમિત્તે ધર્મરાજા મંડળનું સ્થાપન કરાયું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં પુરૂષોત્તમ માસ નિમિત્તે યોજાતા વિવિધ કાર્યક્રમો અંતર્ગત કાળાપાણાની સીડી પાસે આવેલ માયનેસ્ટ કે એપાર્ટમેન્ટની મહિલાઓએ ઘઉં, ચોખા, અડદની દાળ, મગ સહિતના ધાન્ય સાથે ધર્મરાજા મંડળનું સ્થાપન પાઠ કરી પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સત્યનારાયણ ભગવાનની કથા સત્સંગ, ધૂન, ભજન, કીર્તન સહિતના કાર્યક્રમો દ્વારા ધર્મમ્ય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી રહી છે.

## કેશોદ વિડીયો એન્ડ ફોટોગ્રાફર એસોસીએશન દ્વારા વર્કશોપ યોજાયો



(ગોવિંદ હડિયા દ્વારા) કેશોદ તા.૩

કેશોદ વિડીયો એન્ડ ફોટોગ્રાફર એસોસીએશન દ્વારા વખતો વખત વિવિધ કાર્યક્રમોનું સેમીનાર નવી ટેકનોલોજી ફોટો વિડિયો કેમેરા ડેમોન્સ્ટ્રેશન વર્કશોપ સહીતનું આયોજન કરવામાં આવતું રહ્યું છે. ત્યારે હાલમાં નવી ટેકનોલોજી ફોટો વિડિયો કેમેરાની વિવિધ ઉપયોગીતા કેમેરા દ્વારા શુટીંગ વખતે પડતી મુશ્કેલીઓનું નિરાકરણ સહીતની માહીતી સાથે વિનામૂલ્યે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મુરલીધર ફાર્મ એન્ડ રિસોર્ટ કેનેડીપુર, મેંદરડા ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બરોડાના પ્રખ્યાત સિનેમેટોગ્રાફર જય ત્રિવેદી કેયુર ત્રિવેદી વેડીંગ પ્રિવેડીંગ સિનેમેટોગ્રાફી અંગે વિગતવાર સંપુર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વેડીંગ પ્રિવેડીંગ સિનેમેટોગ્રાફીમાં વિડિયો ફોટોગ્રાફી સાથે સંકળાયેલા વિડિયો ફોટોગ્રાફરો નવી ટેકનોલોજી સાથે માહીતગાર થાય અને તેમના ગ્રાહકોને વધુમાં વધુ સારી અને નવી ટેકનોલોજી સાથેની સુવિધા આપી શકે તેવા ઉદેશ્યથી કેશોદ વિડીયો એન્ડ ફોટોગ્રાફર એસોસીએશન પ્રમુખ ગંભીરસિંહ સીસોદીયા, ઉપપ્રમુખ ઉમેશ ટાંક તેમજ સમગ્ર કમીટી ઉપસ્થિત રહી વર્કશોપને સફળ બનાવ્યો હતો.

## વિસાવદરના લેરીયા ગામે ગૌરીપૂજન અને સત્યનારાયણ ભગવાનની કથાનુ આયોજન થયું



(પ્રતિનિધિ દ્વારા) વિસાવદર તા. ૩

વિસાવદર તાલુકાના લેરીયા ગામે દર વર્ષની માફક આ વર્ષે પણ પુરૂષોતમ માસ દરમ્યાન ગોપીઓ દ્વારા આખો માસ ગૌરી પૂજન અને ધુન, ભજન, કિર્તનનુ આયોજન થાય છે. રાત્રે ગોપીમંડળ દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન થયેલ. વિવેકાનંદ સ્કુલ લેરીયામાં યોજાયેલ કથાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહી નરેશભાઈ શાસ્ત્રીના સ્વયંમુખે કથાનું રસપાન કરી સર્વેને આરતી પ્રસાદનો લાભ મળ્યો હતો તેમ ગોપી મંડળ લેરીયાની યાદીમાં જણાવેલ છે.

## હરિયાણામાં ધાર્મિક યાત્રા ઉપર થયેલા જેહાદી હુમલાનો ખંભાળિયામાં ઉગ્ર વિરોધ

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૩

હરિયાણાના મેવાત વિસ્તારમાં તાજેતરમાં યોજવામાં આવેલી એક ધાર્મિક યાત્રા ઉપર થયેલા જેહાદી આતંકવાદીઓના હુમલામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ જઘન્ય બનાવનો ખંભાળિયામાં ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે. આ હુમલામાં સંડોવાયેલા અસામાજિક તત્વોને તાત્કાલિક ઝડપી પાડવા તેમજ સરકારી વાહનો અને માલ-મિલકતને નુકસાન પહોંચાડવાના આ અધમ કૃત્યમાં સંડોવાયેલા શખ્સો સામે તથા સરકારને થયેલી નુકસાની વસૂલ કરવા માટે ખંભાળિયામાં વિશ્વ હિન્દુ પરિષદના ઉપક્રમે ગત સાંજે જોધપુર ગેઈટ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનોએ જય શ્રી રામ, ભારત માતા કી જય, સહિતના સૂત્રોચાર કરી, વિરોધ વ્યક્ત કર્યો હતો. સાથે-સાથે જવાબદારો સાથે સામે કડક હાથે કાર્યવાહી કરવાની પણ માંગ કરી હતી.

## હવે વ્યાજ વટાવમાં પણ પુરૂષ સમોવડી મહિલા ?

### ખંભાળિયામાં વિપ્ર યુવાન પાસેથી ૧૫ ટકાનું તોતિંગ વ્યાજ વસૂલ કરી, પુત્રનું અપહરણ કરવાની ધમકી આપતી મહિલા સામે ગુનો

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૩

ખંભાળિયા પંથકમાં જરૂરિયાતમંદ લોકોને ઊંચા દરે રકમ આપી અને તોતિંગ વ્યાજ વસૂલ કરતા શખ્સો સામે તંત્ર દ્વારા કડક સાથે કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ખંભાળિયામાં રહેતા એક યુવાનને રૂપિયા ૧.૧૦ લાખ આપી અને રૂપિયા દોઢ લાખ વસૂલ કર્યા પછી પણ આ યુવાનને બેફામ ગાળો કાઢી, તેના પુત્રના અપહરણ કરી જવા સહિતની ધમકી આપતા મહિલા સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ખંભાળિયામાં નવાપરા શેરી નંબર -૧૨ ખાતે રહેતા અને ડેન્ટલ લેબ ધરાવતા નિરવભાઈ મહેશભાઈ પુંજાણી નામના ૩૮ વર્ષના બ્રાહ્મણ યુવાનને ધંધાર્થે પૈસાની આકસ્મિક જરૂર પડતા ગત તારીખ ૧ ઓગસ્ટ ૨૨ ના રોજ તેમણે અહીંની આશિયાના બશીરભાઈ ભોકલ નામની ૩૩ વર્ષની મહિલા પાસેથી ૧૫ ટકા લેખે રૂ. ૨૦,૦૦૦ ઉછીના લીધા હતા. જે માટે તેણીએ રૂપિયા ૧૭,૦૦૦ ગૂગલ પે થી આપી અને નિરવભાઈ પાસેથી વિજયા બેંકનો કોરો ચેક મેળવ્યો હતો. ત્યારબાદ ૧૫ ટકા લેખે વધુ ૩૦,૦૦૦ તેમજ ૧૦ ટકા લેખે વધુ ૬૦,૦૦૦ મળી, નિરવભાઈએ આશિયાના પાસેથી કટકે કટકે કુલ રૂપિયા ૧.૧૦ લાખની રકમ લીધી હતી. આ રકમનું મે-જૂન માસ સુધીમાં તેમણે રૂપિયા દોઢ લાખ વ્યાજ ચૂકવ્યું હતું. પરંતુ ફરિયાદની નિરવભાઈ પાસે હવે વ્યાજ ભરી શકાય તેમ ન હોવાથી તેમણે પૈસા આપવાનું બંધ કર્યું હતું. જેથી આશિયાના નિરવભાઈને ફોનમાં બિભત્સ ગાળો દેતા તેમણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આથી આરોપી મહિલાએ અલગ રહેતા નિરવભાઈના માતા-પિતાના ઘરે જઈને ધમકી આપેલ કહે જો કે તે વ્યાજ નહીં આપે તો ડેન્ટલ લેબમાં તાળા મારી દેશે તેમ કહી, બિભત્સ ગાળો ભાંડી હતી. તારીખ ૨૭ જુલાઈના રોજ નિરવભાઈની ગેરહાજરીમાં તેમના પત્નીને પણ બિભત્સ ગાળો કાઢી, તેમના દીકરાનું અપહરણ કરી જવાની ધમકી આપી હોવાનું પણ પોલીસમાં જાહેર થયું છે. જો આ બાબતે તે ફરિયાદ કરશે તો દવા પીને મરી જવાનું નાટક કરી જેલમાં પુરાવી દેવાની તેમજ તેમણે આપેલો ચેક બાઉન્સ કરાવી અને દીકરાનું અપહરણ કરી, ઉપાડી જઈને મરાવી નાખવાની ધમકી પણ આપી હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

### ઈન્ટરવ્યૂ લેવા ચાર્ટર્ડ પ્લેનમાં ટ્રસ્ટી આવ્યા

## દેવભૂમિ દ્વારકા જિલ્લાની વધુ બાર ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યની નિયુક્તિ કરાઈ : તમામને સ્થળ ઉપર જ નિમણુંક પત્ર અપાયા



(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તારીખ ૩૦ જુલાઈથી જિલ્લાની ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્યોની ખાલી રહેલી જગ્યા માટે ઈન્ટરવ્યૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં મંગળવારે વધુ ૧૨ શાળાઓના આચાર્યોની બે દિવસમાં પસંદગી થતા તેઓને નિમણૂકના હુકમો આપવામાં આવ્યા છે. આ પસંદગી કાર્યવાહીમાં ખંભાળિયાની વિજય ચેરીટેબલ હાઈસ્કૂલ, શેઠ દા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલ, દ્વારકાની પી.વી.એમ. ગર્લ્સ સ્કૂલ, એન.ડી.એચ. હાઈસ્કૂલ, ભાણવડની એમ.વી. ઘેલાણી હાઈસ્કૂલ, નંદાણાની જી.એમ.ડી.સી. હાઈસ્કૂલ, વેરાડની એમ.એન. જોગીયા હાઈસ્કૂલ, પાછતરની વી.કે. પરમાર હાઈસ્કૂલ, મોડપર તથા સલાયાની શાળામાં આચાર્યોની નિમણૂક કરવામાં આવી છે. જે માટે જિલ્લા શિક્ષણાધિકારી એસ.જે. ડુમરાણીયા, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર વિમલભાઈ કિરતસાતા તથા સ્ટાફ દ્વારા આ અંગેની પારદર્શી કામગીરી કરી, તમામને તુરત જ નિમણૂકના હુકમ અપાયા હતા.

**દ્વારકાની શાળામાં ઈન્ટરવ્યુ લેવા માટે મુંબઈથી ટ્રસ્ટી ચાર્ટર્ડ પ્લેનમાં આવ્યા**

દ્વારકામાં આવેલી વર્ષો જૂની પી.વી.એમ. ગર્લ્સ હાઈસ્કૂલ કે જેમાં વર્ષોથી આચાર્યની જગ્યા ખાલી હતી, આ જગ્યા ઉપર ઈન્ટરવ્યુ નક્કી થતાં મુંબઈ ખાતે રહેતા ટ્રસ્ટી ચંદ્રશેન મર્ચન્ટને ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત રહેવા માટે શિક્ષણાધિકારી કચેરી ખાતે તેઓ મુંબઈથી ચાર્ટર્ડ પ્લેન મારફતે જામનગર આવ્યા હતા અને ત્યાંથી મોટર માર્ગે ખંભાળિયા આવી અને અત્રે ઈન્ટરવ્યૂમાં હાજરી આપી, મુંબઈના આ ઉદ્યોગપતિ અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા ચંદ્રશેન મર્ચન્ટ સાંજે મુંબઈ ખાતે મીટીંગમાં પહોંચવા ચાર્ટર પ્લેન મારફતે પુનઃરવાના થયા હતા. દ્વારકાની ગર્લ્સ હાઈસ્કુલ માટે રાજકોટના અનુભવી નિશાબેન અગ્રાવતની આચાર્ય તરીકેની પસંદગી તથા તેમને શાળાના ટ્રસ્ટી તથા શિક્ષણાધિકારીના હસ્તે નિમણૂક હુકમ અપાયો હતો.

## ખંભાળિયામાં ટ્રાફિક પોલીસનું સઘન ચેકિંગ : સ્પીડ ગનથી કાર્યવાહી

(કુંજન રાડિયા દ્વારા) જામખંભાળિયા તા.૩

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારમાં પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમન અંગેની કાર્યવાહી કડક હાથે કરવામાં આવી રહી છે. પુરપાટ વેગે દોડતા વાહન લોકોને કાબુમાં રાખવા માટે અહીંના ટ્રાફિક પોલીસને ફાળવવામાં આવેલી સ્પીડ ગન સાથે અહીંના મુખ્ય માર્ગો પર ટ્રાફિક જવાનો દ્વારા સાધન ચેકિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને અહીંના ચાર રસ્તા વિસ્તાર, જામનગર હાઈવે તથા દ્વારકા હાઈવે પર ટ્રાફિક પોલીસના જવાનોએ વધુ પડતી સ્પીડમાં દોડતા વાહનો તેમજ ટ્રાફિક નિયમોનું ભંગ કરતા વાહન ચાલકો સામે ઝુંબેશ ચલાવી છે. અહીંના ટ્રાફિક પી.એસ.આઈ. એન.ડી. કલોતરા તથા સ્ટાફ દ્વારા ગઈકાલે શહેરના જુદા જુદા વિસ્તારોમાં કરવામાં આવેલી ચેકિંગ કાર્યવાહી દરમિયાન ખંભાળિયા નજીકથી પૂરઝડપે પસાર થતા એક બોલેરો વાહનને અટકાવતા તેનો ચાલક ટ્રાફિક પોલીસની સૂચનાને અવગણીને નાસી છૂટ્યો હતો. પરંતુ ટ્રાફિક પોલીસે તેમના વાહન મારફતે તેનો દ્વારકા હાઈવે માર્ગ પર પીછો કરી અત્રેથી આશરે ૨૦ કિલોમીટર દૂર સોનારડી ગામના પાટીયા પાસેથી દબોચી લીધો હતો. અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાનો રહીશ રવિ દશરથ હાડગડા નામનો ૧૯ વર્ષનો યુવાન તેનું બોલેરો વાહન ભયજનક રીતે અને ડ્રાયવિંગ લાયસન્સ વગર ચલાવતા ચેકિંગ દરમિયાન આ બોલેરોમાંથી વાંસની લાકડી પણ મળી આવી હતી.

### નવતર ઉપક્રમ: કોફી વિથ કલેકટર

# કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાનો વિદ્યાર્થીનીઓ સાથે પ્રેરણાદાયી સંવાદ





## દીકરીઓ આઈએએસ, આઈપીએસે અને વૈજ્ઞાનિક બનીને દેશની સેવા કરી રહી છે : ખૂબ હરીફાઈ વચ્ચે દીકરીઓએ ટોચનું સ્થાન મેળવ્યું



જૂનાગઢ, તા.૩
નારી વંદન ઉત્સવના બીજા દિવસે બેટી બચાવો, બેટી પઢાવોના દિવસે નવતર ઉપક્રમના ભાગરૂપે કોફી વિથ કલેકટર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાએ વિદ્યાર્થીનીઓ સાથે સીધો સંવાદ સાધી, તેમને શિક્ષણ ક્ષેત્રે આગળ વધી સમાજમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપી હતી. કલેકટર કચેરી ખાતે જિલ્લા વહીવટી તંત્ર, મહિલા અને બાળ વિકાસ વિભાગ તથા પ્રાથમિક શિક્ષણાધિકારીના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ વિશિષ્ટ કાર્યક્રમમાં કલેકટરે જણાવ્યું કે, આજે મહિલાઓ સર્વોચ્ચ સ્થાને પહોંચી છે. UPSC, બોર્ડ વગેરે પરીક્ષામાં પણ દીકરીઓએ ટોચનું સ્થાન મેળવ્યું છે. આજે ખૂબ હરીફાઈ વચ્ચે પણ દીકરીઓએ શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. આજે દેશના સર્વોચ્ચ સ્થાને એટલે કે, પદે રાષ્ટ્રપતિ પદે પણ એક મહિલા છે. દીકરીઓ આઈએએસ-આઈપીએસ બનવાની સાથે વૈજ્ઞાનિક બનીને ઈસરો જેવી સંસ્થાઓનાં માધ્યમથી દેશની સેવા કરી રહી છે. આજે ઈન્ટરનેટ અને ડિજિટલ મીડિયાના માધ્યમથી જ્ઞાન ભંડાર ખુલી ગયા છે. જેથી દુનિયાની કોઈપણ માહિતી પ્રાપ્ત કરી શકાય છે, સાથે જ કોઈ પણ કૌશલ્ય પણ શીખી શકાય છે.

કલેક્ટરે ખાસ કરીને ગરીબ વર્ગની દીકરીઓને શિક્ષણ સાથે જોડવા માટે પણ ઉપસ્થિત વિદ્યાર્થીનીઓને અનુરોધ કર્યો હતો. ઉપરાંત શિક્ષકોને દીકરીઓને માસિક ધર્મ-હાઈજિન વિશે સમજ આપવા અને કુદરતી પ્રક્રિયાથી દીકરીઓ ડરે નહીં તે માટે સમજ આપવા પણ શિક્ષકોને જણાવ્યું હતું. માસિક ધર્મના કારણે શિક્ષણ કાર્ય અટકે નહીં અને આરોગ્ય સંબંધિત તકેદારી માટે માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરે અન્યાયનો પ્રતિકાર કરવા અને હેરાનગતિ કરનારા તત્વો સામે હિંમતભેર સામનો કરવા માટે પણ વિદ્યાર્થીનીઓને પ્રેરિત કરી હતી.સાથે જ ઓનલાઈન થતા ફ્રોડ અંગે વિદ્યાર્થીઓને સચેત કરી હતી. આ તકે વણઝારી પે.સેન્ટર શાળા, કન્યા શાળા નં.૩, કે.જી. બી.વી.-કેરાળા અને સાબલપુર તથા દોલતપરા પ્રાથમિક શાળાની ધોરણ ૬,૭ અને ૮ની વિદ્યાર્થીનીઓએ જુદા-જુદા પ્રશ્નો રજૂ કર્યા હતા તેના કલેકટરશ્રીએ પ્રત્યુતર પાઠવ્યા હતા. આ વિશિષ્ટ કાર્યક્રમમાં નિવાસી અધિક કલેકટર પી.જી. પટેલ, ડીવાયએસપી પટણી, નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી રમેશ જેઠવા, દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારી એમ.જી. વારસુર (શહેર) તથા બી.ડી. ભાડ (ગ્રામ્ય ) અને વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

# કેશોદ ૧૮૧ મહિલા હેલ્પલાઈન ટીમે કુશળ કાઉન્સિલિંગ દ્વારા મહિલાને આપઘાત કરવાના વિચારોથી મુક્ત કરી સુઃખદ સમાધાન કર્યું

જૂનાગઢ, તા.૩
રાજય સરકાર દ્વારા કાર્યરત ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મહિલાઓની સુરક્ષા અને મદદ અર્થે રાજયભરમાં શરૂ કરવામાં આવી છે. રાજયમાં કોઈ પણ જગ્યાએ મહિલાઓ ઉપર ઘરેલુ હિંસા આચરવામાં આવતી હોય અથવા એવો ભય હોય તો અસરગ્રસ્ત મહિલા હેલ્પલાઈન નંબર ૧૮૧ ઉપર ફોન કરીને તાત્કાલિક મદદ મેળવી શકે છે. કેશોદ તાલુકાના પરીવારના ઝઘડો આપઘાત સુધી પહોંચી જતાં આપઘાત પહેલા મહિલાએ તુરંત ૧૮૧ ફોન કરીને મદદ માંગી હતી. ત્યારે કેશોદ ૧૮૧ ટીમ ગંભીરતા દાખવી તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા. સ્થળ ઉપર મહિલાને પ્રોત્સાહન આપી શાંતીથી પુછપરછ કરતા મહિલા એ જણાવ્યું હતું કે તેમના પતિ -સાસુ નાની નાની ભૂલો શોધી મેણા ટોળા આપી વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતાં હોય અને મહિલાને એક બાળકી હોય જેના ભવિષ્ય અંગે પણ વિચાર કર્યા વિના એ રોજ ઝઘડો કરી મારકૂટ કરી હેરાન કરે છે. મહિલાને આપઘાત કરવાના વિચારો આપે છે અને મહિલા એમના પતિ સાસુના માનસિક શારિરીક ત્રાસથી કંટાળી આજ રોજ આપઘાત કરવાના વિચારો આવતા મહિલાએ ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી. સ્થળ ઉપર મહિલાના પતિ અને સાસુનુ કાઉન્સેલિંગ કરી આગેવાનોની હાજરીમાં કાયદાકીય માહિતી આપી સમજાવ્યા હતા. પતિ-પત્નીના મતભેદ દૂર કરી અને બાળકના ભવિષ્ય અંગે સમજણ આપી હતી અને મહિલાના પતિને મહિલાને મદદરૂપ થવા સલાહ આપી હતી અને હાલ મહિલા આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી કરવા માંગતા ન હોય તેથી કેશોદ ૧૮૧ અભયમ્ કાઉન્સેલર ડાય માવદીયા દ્વારા મહિલાનું કુશળ કાઉન્સિલિંગ દ્વારા આપઘાતના વિચારથી મુકત કરી હતી અને સુઃખદ સમાધાન કરી પ્રશંસનીય કામગીરી કરી હતી.

# બેટી બચાવો બેટી પઢાવો દિવસની મેંદરડા ખાતે ઉજવણી કરવામાં આવી





## વ્હાલી દિકરી યોજનાના લાભાર્થીને મંજુરી હુકમ વિતરણ કરવામાં આવ્યા

જૂનાગઢ, તા.૩
જિલ્લા પંચાયત આરોગ્ય શાખા તેમજ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના સયુંકત ઉપક્રમે નારીવંદન ઉત્સવ અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો દિવસની ઉજવણી મેંદરડા તાલુકામાં સરસ્વતી વિદ્યામંદિર ખાતે કરવામાં આવી હતી.જેમાં ચીફ ડીસ્ટ્રીકટ હેલ્થ ઓફિસર ડો. મનોજભાઈ સુતરીયા,કવોલીટી એસોરન્સ મેડીકલ ઓફિસર ડો. પી.એ.પઠાણ, એપેડેમીક મેડીકલ ઓફિસર ડો. એચ.કે.લાખાણી, ડીસ્ટ્રીકટ પબ્લિક હેલ્થ નર્સ લક્ષ્મીબેન પરમાર, તાલુકા હેલ્થ ઓફિસર મેંદરડા ડો.પૂજાબેન પ્રિયદર્શની, દહેજ પ્રતિબંધક અધિકારીશ્રી બી.ડી.ભાડ (ગ્રામ્ય), DHEWનો સ્ટાફ તેમજ શાળાનો સ્ટાફ ગણ અને વિદ્યાર્થી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં “બેટી બચાવો બેટીપઢાવો”થીમ ઉપર વિવિધ સ્પર્ધામાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ વ્હાલી દિકરી યોજનાના લાભાર્થીને મંજુરી હુકમ વિતરણ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ વિવિધ તજજ્ઞો દ્વારા શારીરિક સ્વાસ્થ્ય અંગેની સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત મહિલાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી તેમજ લોકો વધુમાં વધુ જાગૃત થાય તે માટે નાટક દ્વારા સંદેશો પાઠવવામાં આવેલ અને સહભાગી થયેલ તમામ વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડ તેમજ IEC વિતરણ કરવામાં આવ્યું હતુ. આ સમગ્ર કાર્યકમનું આયોજન તાલુકા હેલ્થ ઓફિસર મેંદરડા દ્વારા કરવામાં આવ્યું હતુ. તે ઉપરાંત દોલતપરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે કિશોરી મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં કિશોરીઓને માસિકધર્મ સ્વાસ્થ્ય અંગેની સમજ આપી. કિશોરીઓને સેનેટરી પેડ વિતરણ કરવામાં આવ્યા હતા.

# અક્ષર રેસીડેન્સી-એમાં ગોપી બહેનો દ્વારા પરષોત્તમ માસની ધામધૂમથી ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ, તા.૩
દર ત્રણ વર્ષે આવતો પરષોત્તમ માસ અક્ષર રેસીડેન્સી-એમાં ગોપી બહેનો દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. જૂનાગઢમાં આવેલ ગીરીરાજ સોસાયટી પાસે અક્ષર રેસીડેન્સી-એમાં પુરષોત્તમ માસ ગોપી બહેનો દ્વારા આ વર્ષે પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ગોપી બહેનો દ્વારા રોજ સત્સંગ રાખવામાં આવે છે. પૂનમના દિવસે ધર્મરાજાનું મંડળ પુરવામાં આવેલ હતું. જેમાં આજુબાજુના બહેનો પણ આ કાર્યમાં જોડાયા હતા અને વર્ષોથી ત્યાં બ્રાહ્મણ તરીકે સેવા આપતા વિનુભાઈ ત્રિવેદી દરેક ધાર્મિક કાર્યનું પૂજન કરતા હોય છે તેમ શૈલેષભાઈ ભરખડાની એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# રોટરેક્ટ ક્લબ ઓફ જૂનાગઢની સરાહનીય કામગીરી




જૂનાગઢ, તા.૩
રોટરેકટ ક્લબ ઓફ જૂનાગઢ એ દાન-પુણ્યના આ પરસોત્તમ મહિનામાં માત્ર મનુસ્ય જ નહીં પણ અનેક જીવ જંતુને ખોરાક પહોંચાડવાની સેવા હાથ ધરી છે. માત્ર મનુષ્ય જ નહી પરંતુ વરસાદના આ મોસમમાં બીજા ઘણા પ્રાણી પક્ષીને પણ ખોરાકની અછત વર્તતી હોય છે એ વાતને ધ્યાનમાં રાખીને પ્રેસિડેન્ટ સિદ્ધ કીકણિ અને સેક્રેટરી ભવ્ય કંટારીયાની આગેવાનીમાં રોટરેક્ટ ક્લબના યુવા સેવકોએ બધા જીવોને ખોરાક પોચાડયો છે.

રોટરેક્ટ ક્લબ જૂનાગઢના મેમ્બર્સ ભર વરસાદ અને પૂરના દિવસે પણ જરા પણ અટક્યા વગર પૂરના અસરગ્રસ્ત વિસ્તારોમાં સંપૂર્ણ રાશન કીટ અને તાડપત્રી પોચાડતા હતા. આવા જરૂરતના સમયમાં આશરે ૩૫૦ જેટલા ઘરોને રોટરેક્ટ ક્લબના યુવાનો અને રોટરી ક્લબના મેમ્બર્સે ઘરે ઘરે જયને મદદ પૂરી પાડી હતી અને આટલું જ નહીં પરંતુ દરેક પશુ-પક્ષીઓને આવા સમયમાં પણ ખાવાનું પહોંચાડ્યું હતું અને હજુ પણ બધેજ મદદ પહોંચાડવાનો આ સંઘર્ષ ચાલુ છે. કીડીને કણ અને હાથીને મણ, વાંદરાને કેળા અને બટેટા, કુતરાને દૂધ અને બિસ્કીટ, મછલીને લોટ અને મમરા, ગાયને ઘાસ અને માણસોને સ્વચ્છ રાંધેલો ખોરાક. આમ જેવી જેની જરૂરિયાત એવી ક્લબની સેવા. આવી રીતે એક નહીં પણ ત્રીસે ત્રીસ દિવસ સુધી સતત કાર્યરત રહીને અથાક સેવા કરવા બદલ લોકોની ખુબજ વાહવાહી પણ આ ક્લબને મલી છે અને આ દ્વારા રોટરેક્ટ ક્લબ જૂનાગઢના મેમ્બર્સે સાબિત કરી બતાવ્યું છે કે ભારતના યુવા જે ચાહે તે કરી શકે છે.

# માણાવદર બીઓબી દ્વારા કેવાયસીના નામે ગ્રાહકોને કરવામાં આવતી કનડગત

માણાવદર, તા. ૩
માણાવદરની દિવાનપરા બ્રાન્ચની બેંક ઓફ બરોડા દ્વારા છાશવારે ગ્રાહકોને કેવાયસીના નામે હેરાન-પરેશાન કરવામાં આવતા હોવાની ફરીયાદો લોકોમાંથી ઉઠી છે. ગ્રાહકો કેવાયસી ઓફીસમાં આપે છે જે યેનકેન પ્રકારે ગુમ કરી ગ્રાહક પાસો ફરીથી કેવાયસી માંગવામાં આવે છે. અનો ગ્રાહક કોઈ ટ્રાન્જેકશન માટે બેંકમાં જાય ત્યારે ફરી કહેવામાં આવે છે કે, તમારા એકાઉન્ટમાં કેવાયસી નાથી, સિસ્ટમ માંગે છે તોમ જણાવી ગ્રાહકો પાસો વારંગાર કેવાયસી માંગવામાં આવે છે. અનો એકાઉન્ટ બંધ કરવા સુધીના ત્રાસ અપાય છે. ત્યારે આ બાબતે આરબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવે તોવી ગ્રાહકોમાંથી માંગણી ઉઠવા પામી છે.

# વન વિભાગના સહયોગથી માહી ડેરી દ્વારા વૃક્ષારોપણ ઝુંબેશ

(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ, તા.૩
વિશ્વમાં વધતા જતા પ્રદૂષણને નાથવા અનેક સંસ્થાઓ દ્વારા વૃક્ષો વાવીને સામાજિક જવાબદારીનું પ્રેરણાત્મક કાર્ય કરવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા - માહી ડેરી દ્વારા ગ્રીન ઈન્ડીયા કલીન ઈન્ડીયા અભિયાન અંતર્ગત સંસ્થાની વિવિધ જિલ્લાઓમાં આવેલી કચેરીઓ, બી.એમ.સી. કેન્દ્રો તેમજ ગ્રામ્ય કક્ષાએ આવેલ સંસ્થાના દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે રાજયના વન વિભાગના સહકારથી વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરી ૨૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. વિશ્વમાં એક તરફ જંગલો ઘટતા જાય છે અને બીજી તરફ ગ્લોબલ વોર્મિંગને કારણે પર્યાવરણને ભારે નુકસાન પહોંચી રહ્યું છે. લોકો વધુ ને વધુ વૃક્ષો વાવે અને તેનો ઉછેર કરે તે માટે સરકાર દ્વારા પણ બહોળો પ્રચાર — પ્રસાર કરી જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે ત્યારે સામાજિક જવાબદારીના ભાગરૂપે સૌરાષ્ટ્ર-કચ્છના દૂધ ઉત્પાદકોની સંસ્થા- માહી ડેરી દ્વારા વન વિભાગના સહયોગથી સમગ્ર રાજયમાં વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેના અનુસંધાને વિવિધ જિલ્લાઓમાં આવેલી સંસ્થાની કચેરીઓ,



બી.એમ.સી. કેન્દ્રો અને દૂધ એકત્રીકરણ કેન્દ્રો ખાતે લીમડા, કરંજ, ગુલમહોર, બોરસલી, ઉમરો, ગરમાળો વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ હતું. સંસ્થાના કર્મચારીઓ, સહાયકો અને સભાસદો દ્વારા મોરબી, ભાવનગર, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર, કચ્છ, પોરબંદર, જામનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા વગેરે જિલ્લાઓમાં વૃક્ષોનું વાવેતર કર્યા બાદ તેનો ઉછેર કરી સમગ્ર વિસ્તારને લીલોછમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગે સંસ્થાના ચીફ એકિઝકયુટિવ ડો. સંજય ગોવાણીએ જણાવ્યુ હતું કે, માહી ડેરી દ્વારા સામાજિક જવાબદારીના ભાગરૂપે સમગ્ર રાજયમાં વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેરીના કર્મચારીઓ, સહાયકો, દૂધ ઉત્પાદક સદસ્યો સૌના સાથ વડે આશરે ૨૫૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરવા અને તેના થકી રાષ્ટ્રીય ઉત્તરદાયિત્વ નિભાવવા કાર્યહાથ ધરાયું છે જેમા અમોને વન વિભાગનો સહકાર પણ મળ્યો છે.

## શ્રાવણ માસને લઈ વેરાવળ સોમનાથ વચ્ચે એસટી વિભાગે સીટી બસ સેવા શરૂ કરી

(રાકેશ પરડવા દ્વારા)
વેરાવળ, તા.૩
હાલ અધિક માસ શરૂ થયો હોય અને શ્રાવણ માસ પણ આવી રહ્યોછે ત્યારે જગવિખ્યાત સોમનાથ મંદિરે મોટી સંખ્યામાં શહેરીજનો શિવ ભક્તિ કરવા જતાં હોય છે તો બહારગામથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ પણ અત્રે આવતા હોય છે. ત્યારે તમામ વર્ગના લોકો સારી મુસાફરી કરી શકે તેવા અભિગમ સાથે એસટી વિભાગે વેરાવળ સોમનાથ વચ્ચે સીટી બસ સેવાનો પ્રારંભ કર્યો છે.આ એસટી બસ સેવા સોમનાથના વેણેશ્વર, પ્રભાસપાટણ, ભીડીયા, પાટણ દરવાજા, રામ ભરોસા, ટાવરચોક, એસ.ટી, ૮૦ ફૂટ, વિધૃત નગર, શ્રીપાલ ચોક, જૈન દેરાસર થઈને સાંઈબાબાના મંદિર સુધી દિવસભર આવન જાવન કરશે. આ બસ સેવાનુ ભાડું ૧૯ રૂપિયા અને ૨૪ રૂપિયા રાખવામાં આવ્યુ છે. આ સિટી બસ સેવાનો પ્રારંભ નગર સેવક ઉદયભાઈ શાહ,



સામાજીક કાર્યકર અનિષ રાચ્છ સહિતનાઓની ઉપસ્થિતમાં કરવામાં આવેલ છે. ત્યારે આ સિટી બસ સેવાનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# ચોમાસાની તબાહી અટકાવવા ભૂતકાળમાંથી બોધ પાઠ લેવો જોઈએ

દર વર્ષે ચોમાસામાં આપણાં શહેરોમાં અવ્યવસ્થાની સ્થિતિ હવે સામાન્ય થઈ ગઈ છે. સત્તાધીશોને આ વાત ખબર નહીં કઈ ભાષામાં સમજાવવી પડશે, કારણ કે ભૂતકાળમાંથી કોઈ બોધ કે શિખામણ લેવામાં નથી આવતી. આ જ કારણે આપણાં શહેરો જરાક વરસાદમાં પણ પાણીથી તરબતર થઈ જાય છે. તેમાં જળભરાવ, ટ્રાફિક જામ, સડકો ધસી જવી, કરંટ ઉતરવો વગેરેથી લઈને જાનમાલનું ભારે નુક્સાન થા છે. મુશ્કેલી એ છે કે આવી ઘટનાઓ એટલી સામાન્ય થઈ ગઈ છે કે તે આપણને આક્રોશિત તો કરે છે, પરંતુ આશ્ચર્યચકિત નહીં. કંગાળ બુનિયાદી માળખા અને જર્જરિત સ્થાનિક નિગમોની સમસ્યા બહુ વિકરાળ થઈ ચૂકી છે. તેમની નિંદા કરીને લોકો થાકી ગયા છે, તેમાં હવે નવું શું લાવવું?

આ વર્ષે પણ ચોમાસાનો અનુભવ પાછલાં વર્ષોથી કંઈ અલગ નથી રહ્યો. આપણાં શહેરોની ભયાવહ સ્થિતિ અને ચોમાસાને પહોંચી વળવાની પ્રશાસનની તૈયારીએ સમાન રૂપે નિરાશ કર્યા. પોતાના સ્પષ્ટીકરણમાં પ્રશાસનેઅણધાર્યા અને એકધાર્યા વરસાદ જેવાં કારણો ગણાવ્યાં. આ બહાનાંથી હવે દૂર રહેવું જોઈએ. અણધાર્યો શબ્દ તો એટલા અતિશય રૂપે વપરાવા લાગ્યો છે કે પોતાનો અર્થ ગુમાવતો જાય છે. દર વર્ષે રેકોર્ડ તૂટી રહ્યા છે. તેને વ્યાપક અરાજકતાના બચાવથી વધુ સંખ્યાકીય આંકડાબાજી રૂપે જોવી જોઈએ. જ્યાં સુધી એકસામટા વરસાદની વાત છે તો આ નિષ્કર્ષ કાઢવા માટે તમારે કોઈ જળવાયુ વિશેષજ્ઞ હોવાની જરૂર નથી કે વૈશ્વિક તાપમાન વૃદ્ધિને કારણે સમય સાથે પ્રતિકૂળ મોસમી પરિઘટનાઓની આવૃત્તિ વધતી જાય છે. આખી દુનિયામાં લોકો એનાથી સારી રીતે પરિચિત છે કે તેમને ભીષણ ઠંડી, દઝાડતી ગરમી અને અતિવૃષ્ટિ જેવી સ્થિતિઓ માટે ખુદને તૈયાર રાખવા પડશે. સવાલ એ જ છે કે આપણી જવાબદાર સંસ્થાઓ તેના માટે કેટલી તૈયાર છે?

આખરે ભારતીય શહેરો થોડા કલાકોના વરસાદમાં જ કેમ અવ્યવસ્થાથી કરાંજવા લાગે છે? તેની તપાસ કરીએ તો જોઈશું કે જરીપુરાણા ડ્રેનેજની સાથે જ અપૂરતા સીવેજ નેટવર્ક તેનું સૌથી મુખ્ય કારણ છે. મોટાભાગના શહેરોમાં વરસાદી નાળાં-નાળીઓ સેંકડો વર્ષો જૂનાં છે. તેને અંગ્રેજોએ ત્યારે બનાવ્યાં હતાં, જ્યારે આબાદી હાલના સ્તરથી બહુ જ ઓછી હતી. એનાથી પણ બદતર છે આ નાળાંમાં નાખવામાં આવતી સામગ્રી. તેમાં માત્ર વરસાદનું પાણી જ નહીં, બલ્કે અશોધિત સીવેજ, દરેક પ્રકારનો કચરો અને ઔદ્યોગિક કચરો પણ વહે છે. મોટાભાગના ભારતીય શહેરોના અડધાથી પણ ઓછા હિસ્સામાં સીવેજ કવરેજ છે. અડધાથી વધુ ઘરો સીવેજ શોધન સંયંત્રો સાથે જોડાયેલા નથી. શહેરોના એક મોટા હિસ્સામાં સીવેજ લાઈન નથી. કારખાનાંથી નીકળતા ગંદા કચરાના શોધનમાં લાગેલ યંત્રો ઉતરતા સ્તરના છે. આ અશોધિત સીવેજ અને ઔદ્યોગિક કચરાને નાળાંમાં વહાવી દેવામાં આવે છે, જેને કારણે તે ભરાઈ જાય છે અને પછી જરા વરસાદમાં અનિયંત્રિત થઈને વહેવા લાગે છે.

આપણું લક્ષ્ય રહ્યું છે કે આ નાળાંને સીધા આપણી પવિત્ર નદીઓમાં છોડતાં પહેલાં શોધન યંત્રો સાથે જોડી દેવામાં આવે. આ કાર્ય હજુ પણ અપૂર્ણ છે, જ્યારે આપણે એ પણ વિચાર કરવો જોઈએ કે શું આ પ્રયાસ પણ પૂરતો કહી શકાય? શું આપણે એ સ્વીકાર કરી શકીએ કે કચરાથી ભરેલાં નાળાં આપણા શહેરોમાં કેટલાય કિલોમીટર લાંબો વિસ્તાર લઈને વહેતાં રહે? તેઓ પર્યાવરણને પ્રદૂષિત કરે છે, ભૂજળને દૂષિત કરે છે અને ખેતીને હાનિકારક બનાવે છે. નિયમિત અંતરાલ પર દુર્ઘટનાઓને કારણે તેમાં પડવાથી લોકોએ જીવ પણ ગુમાવવા પડે છે. આ પરિસ્થિતિઓમાં ખુલ્લામાં શૌચથી મુક્તિનો આપણો દાવો પણ નકામો લાગે છે. તેનું સમાધાન ઘણું સરળ, પરંતુ સ્પષ્ટ રૂપે ગાયબ છે.

આખરે પ્રત્યેક ઘર અને પ્રતિષ્ઠાનમાં એક ભૂમિગત પાઈપ કનેક્શન સુનિશ્ચિત કરીને તેને શોધન સંયંત્ર સાથે જોડવું કેટલું મુશ્કેલ છે? માત્ર શોધિત સીવેજ જ નાળાંમાં વહે. આ નાળાંને ઢાંકી દેવામાં આવે જેથી તે કોઈ મોટી કચરાપેટી જેવાં ન બની જાય. આ નાળાં ઢાંકવાથી તેની ઉપર બનનારા માળખાનો વિભિન્ન ઉત્પાદક રૂપોમાં ઉપયોગ કરી લાભ પણ ઉઠાવી શકાય છે. આપણા નાગરિકોના સ્વાસ્થ્યને અનુકૂળ જીવન સ્થિતિઓ ઉપલબ્ધ કરાવવા માટે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા સંસાધનોની કમીનું બહાનું ન કાઢી શકે. આપણે ડ્રેનેજ નેટવર્કનો વિસ્તાર કરવાની સાથે જ તેને દબાણથી મુક્ત રાખવાની જરૂર છે. આપણે પર્યાપ્ત વર્ષાજળ સંરક્ષણના લ-યથી પણ હજુ ઘણે દૂર છીએ. તેનાથી જળભરાવથી બચવામાં મદદ મળશે, સાથે જ વધારાનું પાણી એકઠું થઈને ભૂજળ સ્તરને વધારવામાં પણ સહાયક બનશે.

વ્યવસ્થાપનનો એક અદ્ભૂત સિધ્ધાંત છે - યુનિટી ઓફ કમાન્ડ એટલે કે એકીકૃત કમાન, જેનું પાલન નથી કરવામાં આવતું. ડ્રેનેજ અને સીવેજ નેટવર્કનું સંચાલન અને સંભાળ વિભિન્ન વિભાગો અને મંત્રાલયો વચ્ચે ફેલાયેલું છે. નગર નિગમ, વિકાસ ઓથોરિટી, સિંચાઈ વિભાગ, જળ વિભાગ અને કેન્ટોનમેન્ટ બોર્ડ વગેરેની પોતાની ભૂમિકા હોય છે. મુશ્કેલી એ છે કે જવાબદારી બધાની છે, પરંતુ જવાબદાર કોઈ નથી. એવામાં આ સંબંધિત સંગઠનો વચ્ચે એક અનુક્રમ સ્થાપિત કરીને તેમને એ જ અનુરૂપ જવાબદાર બનાવવા ઉપયોગી અને પ્રભાવી સાબિત થશે.

સ્માર્ટ સિટીની તો વાત જ કરવા જેવી નથી. આપણને રહેવા લાયક શહેર મળી જાય એટલું જ પૂરતું છે. શહેરોને રહેવા લાયક બનાવવાના રાહમાં આવતી ભારે મુશ્કેલીઓનો સામનો કરવા માટે આપણે સીવર અને ડ્રેઈન્સના પ્રભાવી ઉપાય કરવા જ પડશે. એ સ્પષ્ટ છે કે આપણા દેશમાં નાગરિક સુવિધાઓની ગુણવતા આપણી આર્થિક પ્રગતિ, ડિજિટલ ક્રાંતિ અને બુનિયાદી માળખાની વૃધ્ધિ સાથે મેળ નથી ખાતી. આપણી અર્થવ્યવસ્થાના આકારના અનુપાતમાં આપણે સ્વચ્છતાના માપદંડો પર પોતાની ક્ષમતાઓ કરતાં ઘણા પાછળ છીએ. એવામાં નાગરિકોને એ જ કહેવું પડે કે આ નાણાંકીય પરિસ્થિતિઓને સહન કરવી આપણી મજબૂરી હોઈ શકે, પરંતુ તેનો સ્વીકાર કરવો એ મજબૂરી નથી.

### ગાંધીનગર સહિતના પાંચ જિલ્લામાં કરાયો સર્વે

# ગુજરાત પોલીસ અંગ્રેજોના જમાનાનો યુનિફોર્મ છોડી નવો ધારણ કરશે !




ગાંધીનગર, તા.૩

ગુજરાત પોલીસ બ્રિટિશ કાળથી ચાલી આવતી ખાખી કલરની વર્દી પહેરે છે. હવે સમય આવી ગયો બદલાવનો. ગુજરાત પોલીસની છબીની સાથે હવે યુનિફોર્મ બદલવાની પણ જરૂર પડી છે. અંગ્રેજોના સમયના ગુજરાત પોલીસના યુનિફોર્મમાં હવે ફેરફારો કરાશે. ગાંધીનગર સહિત પાંચ જિલ્લાના ૭ હજાર પોલીસકર્મીનો સર્વે કરાયો છે. ત્યારે હવે જલ્દી જ ગુજરાત પોલીસના જવાનો નવા રૂપ-રંગમાં જોવા મળશે. ૧૮૪૭ થી ભારતીય પોલીસ ખાખી રંગની વર્દી પહેરે છે. જે અંગ્રેજોના જમાનાનો ડ્રેસ છે. પોલીસની ઓળખ એટલે ખાખી વર્દી. બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ મોડર્નાનાઈઝેશન દ્વારા આ અગાઉ પોલીસના વર્તમાન ડ્રેસને બદલવાની ભલામણ કરાઈ હતી. ખાખી રંગ અસલમાં ધૂળ-માટીનો રંગ છે. ૧૮૪૭માં સર હેરી લમ્સડેને સત્તાવાર રીતે ખાખી રંગની વરદી અપનાવી. એ જ સમયથી ભારતીય પોલીસમાં ખાખી રંગની વરદી સામેલ થઈ. બસ, ત્યારથી આ વર્દી પોલીસની ઓળખ બની ગઈ. ખાખી વર્દી બદલવા માટે મોટાપાયે સર્વે કરાયો છે. જાણીતી અનંત નેશનલ યુનિવર્સિટનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ભવ્યારાણા અને તેમની ટીમ દ્વારા આ સર્વે હાથ ધરાયો હતો. જેમાં ૩ પથી વધુ શહેરોમાં ફરજ બજાવતા વિવિધ સેકન્ડનાં ૭ હજારથી વધુ પોલીસ અધિકારી કર્મચારીઓ પાસેથી તેમનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. કહેવાય છે કે, આ સર્વેને આધારે યુનિફોર્મની ખાસ ડિઝાઈન તૈયાર કરાઈ છે. સરકાર દ્વારા ગ્રીન સિગ્નલ મળે એટલે પોલીસ નવી વર્દીમાં સજ્જ હશે. સર્વેના પ્રોજેક્ટ માટે યુનિવર્સિટીના છ વિદ્યાર્થી સાથે સતત ત્રણ મહિના ઓનલાઈન અને ફિઝિકલ સર્વે કરવામાં આવ્યો હતો. હાલ પોલીસનો જે યુનિફોર્મ છે તે ખૂબ જ ચુસ્ત અને ટાઈટ છે. પેન્ટ પહેરી રાખવામાં પણ તકલીફ પડે છે. જવાનોને દિવસરાત ફરજ બજાવવાની હોય છે, આવામાં આ યુનિફોર્મમાં ફરજ બજાવવી અઘરી પડે છે. ખાસ કરીને મહિલા પોલીસ કર્મીઓને અગવડતા પડે છે. મહિલા કર્મચારીઓ માટે આ વર્દી અનકમ્ફર્ટેબલ લાગે છે. ખાસ કરીને, પ્રેગ્નન્સી, પિરિયડ તેમજ હોર્મોન્સને કારણે થતા બદલાવના સમયે. તેથી હવે મહિલા કર્મચારીઓ પ્રેગ્નન્સી અને પિરિયડસ સમયે પણ વરદી પહેરી શકે એ પ્રકારની ડિઝાઈન હશે. સર્વે બાદ બધાને એવી આતુરતા છે કે નવો યુનિફોર્મ કેવો હશે. તો આ વિશે પ્રોફેસર ભવ્યા રાણા કહે છે કે, નવા યુનિફોર્મનુ વજન ઓછું હશે. તેનું કાપડ પોલિએસ્ટર અને મિક્સ ફેબરિકનું હશે. એક નહિ, અલગ અલગ યુનિફોર્મની ડિઝાઈન તૈયાર કરાઈ છે. જેના ઉપર ફાઈનલ મહોર લાગે તેને એપ્લાય કરાશે. આ યુનિફોર્મ આરામદાયક હશે. તો વર્દીની સાથે બૂટની ડિઝાઈન પણ બદલાશે. હાલ બૂટ સિલેક્શનની કાર્યવાહી ચાલી રહી છે. જેના માટે વિવિધ બ્રાન્ડ્સ ચકાસવામાં આવી રહ્યાં છે બદલાશે. હાલ બૂટ સિલેક્શનની કાર્યવાહી ચાલી રહી છે. જેના માટે વિવિધ બ્રાન્ડ્સ ચકાસવામાં આવી રહ્યાં છે.

# મગરના મોંમાં જઈને દરરોજ પેટ ભરીને ભોજન કરી આવે છે પ્લોવર પક્ષી

## મગરના મોંમા ઘુસીને દાંતમાં ફસાયેલ માંસના ટુકડાને ખાય છે અને ફરી સહી સલામત જીવતું બહાર આવી જાય છે

નવી દિલ્હી, તા.૩

આપણે બધા જાણીએ છીએ કે મગર કેટલો ખતરનાક હોય છે. અમુક જાનવર જ છે જે તેની નજીક જવાની હિમ્મત રાખે છે. ભૂલથી પણ જો કોઈ તેના જડબામાં આવી જાય તો મોત જ સમજો. નાના મોટા જાનવરો તો છોડો, જંગલના રાજા સિંહ પણ તેની નજીક જતાં ડરે છે. એક રિપોર્ટ અનુસાર, ભારતમાં ચંબલ નદીમાં સૌથી વધારે મગર જોવા મળે છે. ત્યાર બાદ બિહારના પશ્ચિમ ચંપારણ જિલ્લામાં વહેતી ગંડક નદીમાં મગરનું સૌથી મોટું ઘર છે. શું આપને ખબર છે કે, આ ધરતી પર એક એવું પણ જીવ છે, જે મગરના મોંમા ઘુસીને દાંતમાં ફસાયેલ માંસના ટુકડાને ખાય છે અને ફરી સહી સલામત જીવતું બહાર આવી જાય છે. પશ્ચિમ ચંપારણના વીટીઆરમાં રહેલ મગરના જાણકારોનું કહેવું છે કે, પ્લોવર એક એવું પક્ષી છે, જેનો આહાર મગરના મોમાં રહે છે. હકીકતમાં મગર જ્યારે કોઈ શિકારનો આહાર બનાવે છે, ત્યારે તેના દાંતની વચ્ચે માંસના ટુકડા ફસાઈ જાય છે. જેના બહાર કાઢવા મગર માટે અઘરુ કામ હોય છે. ત્યારે આવા સમયે પ્લોવર નામનું આ પક્ષી માંસના ટુકડા ખાવા આવી જાય છે. પ્લોવર ખૂબ જ સરળતાથી મગરના મોંની અંદર જાય છે અને માંસના ટુકડાને ખાઈને આરામથી બહાર નીકળી આવે છે. ખાસ વાત એ છે કે, તેનાથી મગરને કોઈ નુકસાન પણ નથી થતું. વીટીઆરના અધિકારી ઓના જણાવ્યા અનુસાર, મગર જ્યારે પોતાના શિકારનું માંસ ખાય છે, તો માંસના ટુકડા તેના દાંતમાં ફસાય જાય છે. ત્યારે આવા સમયે તે પોતાનું મો ખોલીને આરામથી પડ્યો રહે છે. આ ટુકડા પ્લોવર પક્ષીનો આહાર હોય છે. એટલા માટે પ્લોવર તેના મોંમાં ઘુસીને દાંતમાં ફસાયેલા માંસના ટુકડા ખાય લે છે. હિમ્મત તો જુઓ આની આ પ્રક્રિયામાં જ્યાં પ્લોવરને ખાવાનું મળી જાય છે, તો વળી મગરના દાંત સાફ થઈ જાય છે. આ જ કારણ છે કે, પ્લોવર પક્ષીને મગરનું ડેન્ટિસ્ટ પણ કહેવાય છે. વીટીઆરના અધિકારીઓના જણાવ્યા અનુસાર મગર અને પ્લોવર એકબીજા પર નિર્ભર રહે છે. જ્યાં એક તરફ મગરના દાંતની સફાઈ થઈ જાય છે તો વળી બીજી તરફ પ્લોવરને પોતાનો આહાર મળી જાય છે. ખાસ વાત એ છે કે, આ પ્રક્રિયા સદીઓથી ચાલતી આવે છે. જ્યાં એક શિકારીના મોમાં શિકારનો છુપાયેલ રહે છે.

# ૯ ઓગસ્ટે ભંગ થશે પાકિસ્તાનની સંસદ



## પાકિસ્તાનમાં યોજાશે સામાન્ય ચૂંટણી, નક્કી થઈ જશે હવે કોણ બનશે કાર્યકારી વડાપ્રધાન?

(જી.એન.એસ)

ઈસ્લામાબાદ,તા.૦૩

પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી યોજાવવાનું નક્કી થઈ ગયુ છે. સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સોમવારે એક મોટી જાહેરાત કરી છે અને તેમને કહ્યું કે નેશનલ એસેમ્બલીને ભંગ કરવાની તારીખ ૯ ઓગસ્ટ નક્કી કરવામાં આવી છે. કામચલાઉ વડાપ્રધાન માટે ૪થી ૫ નામ પર સહમતિ બની છે. તમને જણાવી દઈએ કે હાલમાં પાકિસ્તાન આર્થિક તંગીમાંથી પસાર થઈ રહ્યુ છે અને સમય પહેલા જ ચૂંટણી કરાવવામાં આવશે. પાકિસ્તાની મીડિયા અનુસાર ખ્વાજા આસિફે કહ્યું કે, ચાર દિવસ પહેલા કામચલાઉ વડાપ્રધાન માટે પીપલ્સ પાર્ટીની બેઠક યોજાઈ હતી, બેઠકમાં ચારથી પાંચ નામો પર સહમતિ થઈ હતી. ચર્ચા બાદ નામો નેતૃત્વ પાસે જશે. રક્ષા મંત્રીનું કહેવું છે કે કામચલાઉ વડાપ્રધાન માટે જે નામ આપવામાં આવ્યા છે તે પ્રતિષ્ઠા ધરાવતા સામાન્ય નાગરિકો છે. એક રાજકારણ સાથે સંબંધિત છે, જ્યારે એક વ્યક્તિત્વને રાજકારણ સાથે કોઈ લેવાદેવા નથી. પાકિસ્તાનમાં કામચલાઉ સરકારની રચનાના ૯૦ દિવસની અંદર ચૂંટણી યોજાશે. જો વર્તમાન ગૃહે તેનો કાર્યકાળ પૂર્ણ કર્યો હોત તો ૬૦ દિવસમાં ચૂંટણી યોજાઈ હોત. અહીં પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફની વાપસીની તૈયારીઓ લગભગ શરૂ થઈ ગઈ છે અને તેઓ યુરોપથી પરત ફર્યા બાદ લંડનમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાકિસ્તાન પરત ફરવાની તારીખ અને રણનીતિ જાહેર કરશે. નવાઝ શરીફ આગામી ૪૮ કલાકમાં લંડન પરત ફરશે, જ્યાં તેઓ ટોચના નેતૃત્વ સાથે ચર્ચા કર્યા બાદ વ્યૂહરચના ઘડશે. કહેવામાં આવી રહ્યું છે કે નવાઝ શરીફની પાર્ટી પીએમએલ-એનના કાર્યકર્તાઓ તેમનું સ્વાગત કરવા માટે તૈયાર છે.

નવાઝ શરીફ સામાન્ય ચૂંટણી સંબંધિત તમામ પ્લાનિંગ કરી રહ્યા છે જે જણાવીએ તો, મીડિયા રિપોર્ટ્સ અનુસાર નવાઝ શરીફ તેમના વતન પરત ફરવા પર લાહોરમાં ભવ્ય સ્વાગત કરવામાં આવશે. આગામી ચૂંટણીમાં પાર્ટી તેમના પર વિશ્વાસ વ્યક્ત કરી રહી છે. નવાઝ શરીફ પોતે ચૂંટણી સંબંધિત તમામ આયોજન કરી રહ્યા છે અને પાર્ટીમાં કયા નેતાને જવાબદારી સોંપવામાં આવશે તેની યાદી તૈયાર કરવામાં આવી છે. તે જ સમયે, વડાપ્રધાન શાહબાઝ શરીફે પહેલેથી જ કહ્યું હતું કે સહયોગીઓ સાથે ચર્ચા કરીને ૧૨ ઓગસ્ટ પહેલા નેશનલ એસેમ્બલીને ભંગ કરી દેવામાં આવશે. તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચ આગામી ચૂંટણીની તારીખ જાહેર કરશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

### :: રત્નકણીકા ::

જે સ્વાર્થવશ બીજાઓને હાની પહોંચાડે છે,
તે પશુ સમાન છે.

- સ્વામી દયાનંદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૨, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અધિક શ્રાવણ વદ-૨ પંચક તા.૩ ઓગષ્ટ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૧૫, ધનિષ્ઠા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૨૨, સૂ.અ.૭:૩૧

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી. ધંધાકીય ક્ષેત્રે કાળજી રાખવી.
વૃષભ: ખર્ચ પર અંકુશ રાખવો. અગત્યનું કાર્ય સફળ થાય.
મિથુન: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે, આર્થિક પ્રશ્ન ઉકેલાય.
કર્ક: ધીરજના ફળ મીઠા જણાય. સ્વજનથી સંવાદિતતા સર્જાય.
સિંહ: નાણાભીડ દૂર થાય. કાર્યબોજમાં વધારો થાય.
કન્યા: પ્રવાસમાં વિલંબ, લાભની તક સાંપડે.
તુલા: મહત્વના પ્રશ્નો હલ થાય. ગૃહજીવનની કામગીરી હાથ ધરીશકશો.
વૃશ્ચિક: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. સ્નેહિજનથી મિલન થાય.
ધન: કાર્યમાં લાભ થાય. મહત્વની પ્રવૃત્તિઓ વેગવંતી બને.
મકર: માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ.
કુંભ: લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે.
મીન: ખર્ચનો નાનો પ્રસંગ બને. પ્રિયજનથી વિયોગ રહે.

## અધિક માસનું કથામૃત

- કનકચંદ્ર સી. વ્યાસ



# મહાન દાનેશ્વરી રાજા શિબિ

પૂર્વે શિબિ નામના રાજા થઈ ગયા. તે પ્રભુના પરમ ભક્ત હતા. તે સદાય ભગવાન નારાયણનું ''ચિંતન કરતા હતા. તે દાન પૂણ્યમાં ખૂબ જ માનતા હોઈ તે દાન પૂણ્ય બહુ કરતા. એક ઉમદા રાજામાં જે ગુણ ''હોવા જોઈએ તે બધા જ ગુણ શિબિ રાજામાં હતા. ચો તરફ શિબિ રાજાની ખ્યાતિ ફેલાયલી હતી. ''આ શિબિ રાજાની સુવાસ ફેલાતી ફેલાતી છેક દેવલોક સુધી પહોંચી ગઈ. દેવ લોકમાં તેની ખૂબ ''પ્રસંશા કરતા. મહર્ષિ નારદજી વગેરે પણ થાકતા નહોતા. અવારનવાર શિબિ રાજાની પ્રસંશા થતી જોઈ અને ''દેવલોકમાં કેટલાક દેવોને ઈર્ષા થઈ તો કેટલાકનો એવો મત કે, શિબિરાજાની પરીક્ષા કરવી જોઈએ. જેથી તે ''પરીક્ષામાં પાર ઉતરે તો સાચો રાજા ગણાય. ''પછી નક્કી થયું કે તેની પરીક્ષા કરવી. પરંતુ એ પરીક્ષા કરે કોણ ? અને પરીક્ષા કરવી કઈ રીતે ? એ ''અંગે ચર્ચા થઈ ત્યારે ચર્ચાના અંતે એવું નક્કી થયું કે, સાક્ષાત અગ્નિદેવ અને સ્વર્ગાધિપતિ ઈન્દ્રદેવ શિબિરાજાની ''પરીક્ષા કરવા જાય. નક્કી થયેલા સમય અને દિવસ પ્રમાણે અગ્નિદેવ તો શિબિરાજાની પરીક્ષા કરવા ઉપડ્યા. ''અગ્નિદેવે પોતે હોલાનું રૂપ લીધું અને દેવરાજ ઈન્દ્ર પોતે બાજ પક્ષી બન્યા. શિબિ રાજા પોતાની શભા ''ભરી અને બેઠા હતા ત્યાં હોલા બનેલા અગ્નિદેવ સીધા જ શિબિ રાજાના ખોળામાં જઈને બેઠા રાજા હજુ કંઈ ''વિચારે તે પહેલા તો ઈન્દ્રદેવ બાજ પક્ષીના રૂપમાં તેની પાછળ આવ્યા અને રાજાના સિંહાસન સામે આવીને ''બેસી ગયા. તેણે મનુષ્યની વાણીમાં શિબિ રાજાને કહ્યું, ''હે રાજન, તારા ખોળામાં મારો શિકાર આવીને બેઠો ''છે તેને તું મારે હવાલે કરી દે જેથી હું તેને મારી અને તેનું ભક્ષણ કરી લઉં.'' ''શિબિ રાજાએ વિચાર કર્યો કે, ''આ હોલો મારા ખોળામાં આવીને બેઠો છે તેથી મારે શરણે આવ્યો છે. ''હવે શરણે આવેલા તેને મરવા ન દેવાય. મારે એક રાજા તરીકે પણ તેનું રક્ષણ કરવું પડે નહિંતર મારા ''રાજધર્મની લાજ જાય માટે આ હોલાને બચાવવા માટે તમામ પ્રયત્નો કરી છૂટવા જોઈએ.'' તેથી તેણે બાજ ''પક્ષીને ઉદ્દેશીને કહ્યું, ''હે બાજ પક્ષી, શરણે આવેલુ કોઈપણ હોય તેની રક્ષા કરવી એ મારી પવિત્ર ફરજ છે. ''આ હોલો મારા ખોળામાં આવીને બેઠો છે તેણે પોતાનો જીવ બચાવવા આમ કર્યું છે. હવે કોઈપણ હિસાબે મારે ''તેનો જીવ તો બચાવવો જ પડશે. માટે તેના બદલામાં હે બાજ પક્ષી તું માંગે તે આપવા તૈયાર છું. પરંતુ આ ''હોલો હું તને સોંપી નહીં શકું.'' ''બાજ પક્ષી અને શિબિ રાજા વચ્ચે ભારે રકઝકના અંતે એવું નક્કી થયું કે, હોલાનું જેટલું વજન હોય ''તેટલા વજનનું શિબિ રાજા પોતાના શરીરમાંથી માંસનો ટૂકડો કાપી અને આપે. એમ નક્કી થયું એટલે વજન ''કરાવવાનો કાંટો મંગાવવામાં આવ્યો અને બીજા પલ્લામાં શિબિ રાજાએ પોતાના સાથળમાંથી માંસના ટૂકડા ''નાખ્યા પરંતુ તે પલ્લું નમ્યું નહીં. વધુ થોડા ટૂકડા નાખ્યા તો પણ હોલા વાળું પલ્લું ઉચકાયું નહીં. શિબિ રાજા ''વાળું પલ્લું જ્યારે નમી ગયું ત્યારે શિબિ રાજા પલ્લામાંથી નીચે ઉતર્યા અને બાજ પક્ષીને ઉદ્દેશીને કહ્યું, ''જો, ''આ હોલાનું વજન મારા વજન જેટલું થયું છે. માટે તું મને ગ્રહણ કર હું તારો ખોરાક બનવા તૈયાર છું. તું મારું ''ભક્ષણ ભલે સુખેથી કરજે પરંતુ આ હોલાને તું જવા દે.'' ''આમ, જ્યારે શિબિ રાજા બોલી રહ્યાં હતા ત્યારે હોલાએ પોતાનું અગ્નિદેવ તરીકેનું અને બાજ પક્ષીએ ''ઈન્દ્રરાજાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું. આ બન્નેએ મૂળ સ્વરૂપે પ્રગટ થઈ અને શિબિ રાજાને કહ્યું, ''ધન્ય છે રાજા ''તને અને તારા રાજ્યને તારી રાજધર્મની નિષ્ઠાની પ્રશંસા અમે સ્વર્ગમાં સાંભળી, તેથી હે રાજન અમે તારી ''પરીક્ષા કરવા આવ્યા હતા.'' પછી બન્ને દેવોએ પોતપોતાનો પરિચય આપ્યો અને શિબિ રાજાએ જે પોતાના ''સાથળનો ભાગ કાપી અને પલ્લામાં મૂકેલો તે રાજાનો સાથળ પાછો જેવો હતો તેવો થઈ ગયો. રાજા પણ બન્નેને દંડવત્ત પ્રણામ કરીને બોલ્યો કે, ''હું ખરેખર ભાગ્યશાળી છું કે, આપ જેવા દેવોના પગલાથી મારો આ ''રાજમહેલ પવિત્ર થઈ ગયો. તમે મારે ત્યાં આવ્યા તે બદલ હું ધન્યતા અનુભવું છું'' ''આ પ્રમાણે કહી રાજાએ દેવોના ચરણો ધોઈ તેમને આચમન કરાવ્યું અને ઉચ્ચ આસને બેસાડી તમનો ''યોગ્ય સત્કાર કર્યો. ત્યાર બાદ બન્ને દેવોએ શિબિરાજા પાસે રજા લીધી અને પોતાની મૂળ જગ્યાએ જવા રવાના ''થયા.

''આજનું ભજન
''શેરી વળાવી સજ કરું ઘરે આવો ને,
''મારી શરેએ પથરાવું રૂડા ફૂલ... મારે ઘરે...
''ઓતારા દેશું ઓરડાને ઘરે આવો ને,
''અમે દેશું મેડીના મોલ, હરિ ઘરે આવો ને,
''નાવણ દેશું કુંડીયું, ઘરે આવો ને,
''અમે દેશું જમનાજીના નીર હરિ ઘરે આવો ને,
''દાતણ દેશું દાળમી ઘરે આવો ને,
''અમે દેશું કણી એરી કામ હરિ ઘરે આવો ને,
''ભોજન દેશું લાપસી ઘરે આવો ને,
''અમે દેશું હિંડોળા ખાટ હરિ ઘરે આવો ને,
''પોઢણ દેશું ઢોલીયા ઘરે આવો ને,
''અમે દેશું હિંડોળા ખાટ હરિ ઘરે આવો ને,
'''''વલ્લભ'' ના સ્વામી શામળ ઘરે આવો ને,
''હરિ અમને દેજો વૈંકુઠમાં વાસ હરિ ઘરે આવો ને

શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

### રાજ્યમાં સારા વરસાદને લઈ જળાશયોની સપાટી સતત વધી રહી છે

# સરદાર સરોવર ડેમની સપાટી ૧૩૦ મી.ને પાર : રાજ્યના ૬૧ જળાશય છલકાઈ ગયા



ગાંધીનગર, તા.૩

રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ ૮૩ ટકા વરસાદ નોંધાયો છે, ત્યારે રાજયના ૨૦૭ ડેમમાં કુલ ૬૯.૭૩ ટકા પાણીનો જથ્થો છે. ગુજરાતના કુલ ૨૦૭ પૈકી ૬૧ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમ પૈકી ૪૬ ડેમ સંપૂર્ણ ભરેલા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં ૮૧.૮૫ ટકા પાણીનો જથ્થો છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ પૈકી ૩ ડેમ સંપૂર્ણ ભરેલા છે. દક્ષિણ ગુજરાતના ૧૩ ડેમમાં ૬૯.૫૪ ટકા જથ્થો છે. કચ્છના ૨૦ ડેમ પૈકી ૧૦ ડેમ સંપૂર્ણ ભરેલા છે. કચ્છના ૨૦ ડેમમાં ૬૬.૮૬ ટકા પાણીનો જથ્થો છે. ઉત્તર ગુજરાતના ૧૫ ડેમમાં ૬૯.૨૬ ટકા જથ્થો છે. મધ્ય ગુજરાતના ૧૭ પૈકી ૨ ડેમ સંપૂર્ણ ભરેલા છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૫.૨ ટકા જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૭૨.૮૪ ટકા પાણીનો જથ્થો છે. તાપીના ઉકાઈમાં સતત પાણીની આવક થઈ રહી છે. ઉકાઈ ડેમમાં ૫૨,૨૪૧ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ઉકાઈ ડેમની સપાટી ૩૩૩.૨૧ ફુટે પહોંચી છે. હાલ ઉકાઈ ડેમનું રૂલ લેવલ જાળવવા ૩ હાઈડ્રો મારફતે ૨૩,૪૦૦ ક્યુસેક પાણી તાપી નદીમાં છોડાઈ રહ્યું છે. હાલનું ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફુટ છે, જ્યારે ડેમની ભયજનક સપાટી ૩૪૫ ફુટ છે. મહેસાણાના ધરોઈ ડેમનો બીજો ગેટ ખોલાયો છે. ડેમમાંથી નદીમાં ૯૨૩૬ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. હાલ ડેમમાં ૯૨૮૬ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે હાલ ધરોઈ ડેમની સપાટી ૬૧૯ ફૂટ છે. ધરોઈ ડેમમાંથી સાબરતમી નદીમાં પાણી છોડાયું છે. જેના પગલે સાબરમતી કાંઠા વિસ્તારોને તંત્રએ એલર્ટ કર્યા છે. સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, બનાસકાંઠાના તંત્રને જાણ કરાઈ છે. ખેડા, આણંદ, મહેસાણા જિલ્લાના કલેકટરોને પણ જાણ કરવામાં આવી છે. હાલ ગુજરાત ઉપર ચોમાસાની વરસાદ આપનારી કોઈ સિસ્ટમ સક્રિય નથી પરંતુ રાજયમાં વરસાદી માહોલ બનેલો છે, રાજ્યમાં છૂટોછવાયો વરસાદ નોંધાઈ રહ્યો છે. જેમાં અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ જોવા મળ્યો હતો. હવામાન વિભાગે આગાહી કરીને આજે પણ વરસાદી માહોલ રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે પણ અમદાવાદ સહિતના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યકત કરી છે. આ સાથે દરિયામાં પણ હલચલ રહેવાની શક્યતાઓ સાથે માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટીમાં પણ સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. નર્મદા ડેમની જળ સપાટી વધીને ૧૩૦.૦૯ મીટર થઈ છે. તો ડેમની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. તેમજ છેલ્લા ૨૪ કલાકમાં ડેમના જળસ્તર ૧૬ સેમીનો વધારો થયો છે. નર્મદા ડેમની જળસપાટી પ્રથમવાર આ સિઝનમાં ૧૩૦ મીટરને પાર કરી છે. ઉપરવાસમાં વરસાદથી નર્મદા ડેમમાં પાણીની આવક થઈ હોવાથી તેની સપાટી ઝડપથી વધી રહી છે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે

## મંત્રી-મંડળના અન્ય સભ્યો વિવિધ જિલ્લા મથકે ધ્વજવંદન કરાવશે

ગાંધીનગર,તા.૩

ભારતના સ્વાતંત્ર્ય પર્વ૧૫મી ઓગસ્ટ-૨૦૨૩ની રાજ્યકક્ષાની ઉજવણી વલસાડ ખાતે કરવામાં આવનાર છે. ૧૫મી ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને વલસાડ ખાતે ધ્વજવંદન સમારોહ યોજાશે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી પાટણ ખાતે તથા રાજ્ય મંત્રીમંડળના સભ્યો કલેકટરો વિવિધ જિલ્લા મથકોએ ધ્વજવંદન કરાવશે. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમ્યાન તેમણે રાજ્યના પાટનગર ગાંધીનગરને બદલે વિવિધ જિલ્લા મથકે સ્વાતંત્ર્યદિન તથા પ્રજાસત્તાક દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી કરવાની નવી પહેલ શરૂ કરી હતી. તે વર્ષોથી જારી રહેવા પામી છે તેમાં હવે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે પણ આગળ વધતા આ વખતે ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી વલસાડ ખાતે કરવાનો નિર્ણય લેવાયો છે. એટલે હવે આ વર્ષે વલસાડમાં ઉજવણી દરમ્યાન વિવિધ વિકાસ કામોની પણ જિલ્લાને ભેટ મળશે. જ્યારે રાજ્યના અન્ય જિલ્લાઓના મથકોએ મંત્રીઓ ઉપસ્થિત રહી ધ્વજવંદન કરાવશે. જેમાં કેબિનેટ મંત્રીઓમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ નવસારીમાં, ઋષિકેશ પટેલ વડોદરામાં, રાઘવજી પટેલ રાજકોટ ખાતે, બળવંતસિંહ રાજપુત સુરતમાં તથા કુંવરજીભાઈ બાવળિયા અમદાવાદ ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત અન્ય મંત્રીઓ તથા કલેકટરો રાજ્યના અન્ય જિલ્લાઓમાં ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત આણંદ, પોરબંદર, ખેડા, અરવલ્લી, દેવભૂમિ દ્વારકા, સાબરકાંઠા, જામનગર, બોટાદ, સુરેન્દ્રનગર, મોરબી, મહેસાણા, અમરેલી, તાપી, ડાંગ અને ભરૂચ ખાતે સંબંધિત જિલ્લાના જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ધ્વજવંદન સમારોહ યોજાશે તેમ સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# નોકરી માટે જમીન કૌભાંડમાં લાલુ યાદવ પરિવાર સાથે સંકળાયેલી રૂા.૬ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

પટના તા.૩

નોકરીના બદલે જમીન કૌભાંડમાં લાલુ પરિવારની મુશ્કેલી વધી ગઈ છે. **ED**એ જમીનના બદલે નોકરી કૌભાંડમાં લાલુ યાદવ પરિવારની ૬ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. આ કેસમાં **RJD** પ્રમુખ અને પૂર્વ **CM** લાલુપ્રસાદ યાદવ, બિહારના ડેપ્યુટી **CM** તેજસ્વી યાદવ અને પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી પહેલેથી જ તપાસનો સામનો કરી રહ્યાં છે. હાલમાં જ **CBI**એ ત્રણેય વિરૂદ્ધ આરોપ પત્ર પણ દાખલ કર્યા હતા. ગત મહિને **CBI**એ દાખલ કરી હતી ચાર્જશીટ મળતી માહિતી મુજબ **ED**એ લાલુ યાદવ અને તેમના પરિવાર વિરૂદ્ધ જમીનના બદલે નોકરી મામલામાં પગલાં લીધા છે. **ED**એ **RJD** ચીફના પરિવારે ૬ કરોડની સંપત્તિ અટેચ કરી લીધી છે. હાલ ગત મહિને જ દિલ્હીની રાઉજ એવન્યૂ કોર્ટમાં **CBI** દ્વારા ચાર્જશીટ દાખલ કરાઈ હતી. **ED** મની લોન્ડ્રિંગ કેસમાં તપાસ કરી રહી છે. રેલવેમાં નોકરીના બદલે લાંચમાં જમીન લેવાના આરોપમાં **CBI** તપાસ કરી રહી છે. મની લોન્ડ્રિંગના કેસમાં ઈ઼ઙ તપાસ કરી રહી છે. **CBI**એ આ કેસમાં ચાર્જશીટ પણ દાખલ કરી છે. આ મામલે લાલુ યાદવના નજીકના તેમજ પૂર્વ ધારાસભ્ય ભોલા યાદવ અને હૃદયાનંદ ચૌધરી પણ અભિયુક્ત છે. **RJD** નેતા લાલુ યાદવના ઓએસડી રહેલા ભોલા યાદવની **CBI**એ 27 જુલાઈએ ધરપકડ કરી હતી. ભોલા યાદવ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી તત્કાલીન રેલવે મંત્રી લાલુ યાદવના ઓએસડી હતા. નોકરીના બદલે જમીન કૌભાંડ શું છે ? બિહારનું આ કૌભાંડ ૧૪ વર્ષ પહેલાનું છે. સમીકરણ કંઈક એવા હતા કે કેન્દ્રમાં **UPA**ની સરકાર હતી અને લાલુ યાદવ રેલવે મંત્રી હતા. આ કેસમાં ૧૮ મે, ૨૦૨૨નાં રોજ **CBI**એ કેસ દાખલ કર્યો હતો. **CBI**ના જણાવ્યા મુજબ લોકોને પહેલા રેલવેમાં ગ્રુપ ડીના પદો ઉપર સબસ્ટીટ્યૂટ તરીકે ભરતી કરવામાં આવ્યા અને જ્યારે જમીનની ડીલ થઈ ગઈ તો તેમણે રેગ્યુલર કરી દેવાયા. **CBI**ની તપાસમાં એ પણ સામે આવ્યું છે કે રેલવેમાં સબસ્ટીટ્યૂટની ભરતી વિજ્ઞાપન કે પબ્લિક નોટિસ પણ જાહેર કરાઈ ન હતી, પરંતુ જે પરિવારોએ લાલુ પરિવારને પોતાની જમીન આપી તેમના સભ્યોને મુંબઈ, જબલુપર, કોલકાતા, જયપુર અને હાજીપુરમાં નિયુક્ત કરવામાં આવ્યા હતા. **CBI**એ આ આરોપ લગાવ્યા છે, જાણો કઈ રીતે થયું હતું કૌભાંડ **CBI**એ આ કેસમાં લાલુ યાદવ, તેમના પત્ની રાબડી દેવી, પુત્રી મીસા યાદવ અને હેમા યાદવ સહિત કેટલાંક ઉમેદવારોને આરોપી બનાવ્યા છે. **CBI**નો આરોપ છે કે લાલુપ્રસાદ યાદવ જ્યારે રેલ મંત્રી હતા ત્યારે તેમણે ગ્રૂપ ડીમાં સબસ્ટીટ્યૂટ તરીકે ભરતીના બદલે જમીન લીધી. આ જમીન લાલુ યાદવે પોતાના પરિવારના લોકોના નામે કરાવી. **CBI**એ આરોપ લગાવ્યો કે લાલુ યાદવ જ્યારે રેલ મંત્રી હતા તો તેમણે જમીનના બદલે સાત અયોગ્ય ઉમેદવારોને રેલવેમાં નોકરી આપી હતી. **ED**નું શું કહેવું છે ? **ED** મુજબ કેટલાંક ઉમેદવારોના આવેદનને અપ્રૂવ કરવામાં ઉતાવળ કરવામાં આવી. કેટલાંક આવેદનોને ત્રણ દિવસમાં જ અપ્રૂવ કરી દેવાયા. પશ્ચિમ મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેના ઉમેદવારોને પૂરાં એડ્રેસ વગર જ મંજૂર કરી દેવાયા હતા અને નિમણૂંક કરી દીધા હતા.

# માત્ર ૬ રૂપિયા માટે ૩૦ વર્ષ સુધી ચાલી કાયદાકીય લડાઈ

અમદાવાદ, તા.૩

એક બસના કંડકટર અને તેના પરિવારને પોતાની ગુમાવેલી સેલરી અને પેન્શન પાછુ મેળવવામાં ત્રણ દાયકા જેટલી કાયદાકીય લડત લડવી પડી હતી. આ કંડકટરે એ સમયે માત્ર છ રૂપિયામાં ત્રણ જૂની ટિકીટોર એક પેસેન્જરને આપી હતી. જેથી સેલરી અને પેન્શન કાપી નાખવામાં આવ્યું હતું. આ મામલામાં ગુજરાત સ્ટેટ રોડ એન્ડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના કંડ્કટર મુળજી પરમાર સામેલ હતા. ૨ જૂન, ૧૯૯૦ના રોજ જ્યારે ઈન્સપેકશન સ્કવોડે અચાનક ચેકિંગ હાથ ધર્યુ તો ભાવનગર અને ધુંડસર વચ્ચેની બસમાં સામે આવ્યું કે, કંડ્કટરે રુપિયા ૨.૫૦ની ત્રણ જૂની ટિકીટો ત્રણ પેસેન્જરને આપી હતી. જેઓ ભાવનગરથી સિંહોર સુધી મુસાફરી કરી રહ્યા હતા અને આ ટિકીટ માત્ર છ રૂપિયામાં આપવામાં આવી હતી. આ ઘટના સામેર આવ્યા બાદ ઈન્સપેક્શન સ્કવોડે મુસાફરો અને કંડકટરનું સ્ટેટમેન્ટ લીધું હતું અને ઉપરી અધિકારીઓને જાણ કરી હતી. આરોપોની ગંભીરતા જોતા વિભાગે તપાસ હાથ ધરી હતી. ૧૯૯૩માં આરોપો સાબિત થયા હતા. એ પછી કંડકટર મુળજી પરમારને ત્રણ ઈંક્રીમેન્ટ રોકવા માટેનો દંડ લગાવવામાં આવ્યો હતો. એ પછી તેઓએ ડિવિઝનલ કંટ્રોલરમાં આ દંડને પડકાર્યો હતો. જ્યાં તેઓએ બચાવમાં કહ્યું કે, આ ટિકીટો ભૂલથી આપી દેવામાં આવી હતી. કંડકટરે ૧૯૯૭માં ભાવનગરમાં એક ઔદ્યોગિક વિવાદ ટ્રિબ્યુનલનો સંપર્ક કર્યો હતો. જ્યાં તપાસ યોગ્ય અને ન્યાયી હોવાનું ગણીને રદ કરી દેવામાં આવી હતી. જેણે ૨૦૧૨માં જીએસઆરટીએસને કંડક્ટરને તેના બાકીના નાણા ચૂક્વવા માટે આદેશ આપ્યો હતો. આ પછી **GSRTC**એ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને દલીલ કરી હતી કે, કંડકટરને ટ્રિબ્યુનલનો સંપર્ક કરવામાં ચાર વર્ષનો સમય લાગ્યો હતો. હાઈકોર્ટે દલીલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને કહ્યું હતું કે, એ વાતને નકારી શકાય નહીં કે ઈંક્રીમેન્ટ રોકવાથી કર્મચારી અને તેના પરિવારને અસર થઈ છે અને તે હંમેશા જીવંત મુદ્દો રહેશે. તેને જૂનો દાવો કહી શકાય નહીં. એવું પણ કહ્યું કે, જો કર્મચારી એક કે બે દાયકા પછી આવી ફરિયાદ સાથે આવે તો તેને જૂનો દાવો કહી શકાય. આ પછી હાઈકોર્ટે **GSRTC**ની અરજીને રદ કરી હતી અને સેવા દરમ્યાન રોકવામાં આવેલું વેતન વધારો એટલે કે ઈંક્રીમેન્ટ અને ફેમિલી પેન્શન સહિતનો હિસાબ કરવા માટે આદેશ આપ્યો હતો. વિધવાને રકમ ચૂકવવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. કારણ કે કેસ પેન્ડિંગ હતો અને કંડકટરનું મૃત્યુ થયુ હતુ, એવું પરિવારના વકીલ પીસી ચૌધરીએ જણાવ્યું હતું. મહત્વનું છે કે, ત્રણ દાયકાની કાયદાકીય લડત લડ્યા બાદ આખરે પીડિત પરિવારને ન્યાય મળ્યો હતો. જે બાદ પરિવારે પણ કોર્ટનો આભાર માન્યો હતો.

### રાજ્યમાં આગામી ટૂંક સમયમાં પ્રીપેડ ઈલે. મીટર જોવા મળશે

# પ્રથમ તબક્કા માટે સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરના ઓર્ડર આપ્યા

## સૌપ્રથમ સરકારી કચેરીઓમાં લગાવાશે, તે પછી ઘરોમાં તબક્કાવાર ફીટ કરાશે

ગાંધીનગર, તા.૩

હવે પ્રીપેડ ઈલેક્ટ્રિક મીટર ટૂંક સમયમાં રાજયભરના ઘરોમાં વાસ્તવિકતા બની જશે અને આ સાથે જ ગુજરાત સ્માર્ટ મીટર ધરાવતું દેશનું છઠ્ઠું રાજય બનશે. અહેવાલ અનુસાર રાજ્ય સરકારે ૬૦ લાખ સ્માર્ટ મીટરનો ઓર્ડર આપ્યો છે. સરકારના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર પ્રથમ તબક્કામાં આ મીટર ગાંધીનગરની સરકારી કચેરીઓ અને રાજયભરની અન્ય સરકારી કચેરીઓમાં લગાવવામાં આવશે. આનાથી મીટરની કાર્યક્ષમતા ચકાસવામાં મદદ મળશે જે પછી ખાનગી મિલકતોમાં ઈન્સ્ટોલ કરવામાં આવશે. એકવાર આ મીટરનું કામકાજ યોગ્ય જણાય તો તેને ઘરેલુ ગ્રાહકો માટે સ્થાપિત કરવામાં આવશે. ઈન્સ્ટોલેશન તબક્કાવાર હાથ ધરવામાં આવશે. શરૂઆતમાં મોટા શહેરોમાં મીટર લગાવવામાં આવશે. સ્માર્ટ મીટર વેબ-આધારિત મોનિટરિંગ સિસ્ટમ દ્વારા જોડાયેલા છે જે યુટિલિટીઝના કોમર્શિયલ નુકસાનને ઘટાડવામાં, આવક વધારવામાં અને પાવર સેક્ટરના સુધારામાં એક મહત્વપૂર્ણ સાધન તરીકે સેવા આપવા માટે મદદ કરશે. અધિકારીના જણાવ્યા અનુસાર આ ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવામાં મદદ કરે છે. એનર્જી એફિશિયન્સી સર્વિસીસ લિમિટેડ (ઈઈએસએલ), જે રાજ્ય સંચાલિત વીજ કંપનીઓનું જોઈન્ટ વેન્ચર છે, હાલમાં વિતરણ કંપનીઓ (ડીઆઈએસસીઓએમએસ)ની બિલિંગ અને સંગ્રહ કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરવા સ્માર્ટ મીટરિંગ પ્રોગ્રામનો અમલ કરી રહી છે. વધુમાં પ્રાપ્ત માહિતી અનુસાર સ્માર્ટ મીટરની ખાસ વાત એ છે કે તેને મોબાઈલ ટીવીની જેમ રિચાર્જ કરવું પડશે, જેટલું રિચાર્જ થશે તેટલી વધુ



વીજળી મળશે. સ્માર્ટ મીટર સિસ્ટમ દ્વારા સરકાર સ્માર્ટ ગ્રીડ પ્રોગ્રામ માટે પાયો તૈયાર કરવા માગે છે જે નવા વિકસતા ઊર્જા મિશ્રણના પડકારોને પહોંચી વળવા અને અવિરત 24×7 વીજ પુરવઠો પૂરો પાડવાના લક્ષ્યાંકને પહોંચી વળવા માટે નિર્ણાયક બનશે. કેન્દ્ર સરકારે તેની સુધારેલી વિતરણ ક્ષેત્ર યોજના (આરડીએસએસ) હેઠળ માર્ચ, ૨૦૨૫ સુધી તમામ સ્થાનિક ગ્રાહકો માટે ૨૫ કરોડથી વધુ સ્માર્ટ પ્રીપેડ મીટર સ્થાપિત કરવાની યોજના બનાવી છે.

સ્માર્ટ પ્રીપેડ મીટર ઈન્સ્ટોલ કરવાના વિવિધ ફાયદા છે.

વીજ ચોરી પર અંકુશ આવશે, મોબાઈલ ઉપર વીજળી સંબંધિત એલર્ટ મળશે, વીજ ઉપભોક્તાનું નિયંત્રણ રહેશે, રિચાર્જ પ્રીપેડ સુવિધા દ્વારા કરવામાં આવશે, બિલ ભરવાની પરેશાનીમાંથી મુક્તિ મળશે, મીટર રીડિંગને લઈને ચાલી રહેલી ગડબડનો સંપૂર્ણ અંત આવશે.

# વૈજ્ઞાનિકોએ હૃદય રોગ અને ઊંઘની સમસ્યાઓ વચ્ચેની કડી શોધી કાઢી

(એજન્સી) તા.૩

વૈજ્ઞાનિકોએ એક મહત્વપૂર્ણ શોધ કરી છે, જે સંભવિતપણે હૃદયરોગ ધરાવતા વ્યક્તિઓ દ્વારા અનુભવાતી ઊંઘની સમસ્યાઓ અંગેના રહસ્યને ઉજાગર કરે છે. આ સંશોધન સૂચવે છે કે ચેતાના ચોક્કસ જૂથને નુકસાન થાય છે, જે સુપિરિયર સર્વિકલ ગેન્ગ્લિઅન (**SCG**) તરીકે ઓળખાય છે, જે હૃદય અને મગજ બંનેના કાર્યને નિયંત્રિત કરે છે, તે એક ખૂટતી કડી હોઈ શકે છે. હૃદયરોગના દર્દીઓને ઘણીવાર ઊંઘમાં ખલેલ થતી હોય છે, જેમાં હૃદયરોગ હોય તેવા ૭૩% લોકો અનિદ્રાના લક્ષણો હોય છે. ભૂતકાળના અભ્યાસોએ હૃદયરોગ ધરાવતા લોકોમાં સ્લીપ હોર્મોન મેલાટોનિનના સ્તરમાં ઘટાડો દર્શાવ્યો છે, પરંતુ તેનું મૂળ કારણ અસ્પષ્ટ હતું. ઉંદર અને માનવ પેશીઓ ઉપર હાથ ધરવામાં આવેલા આ અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે હૃદય રોગ મગજમાં મેલાટોનિનના ઉત્પાદનમાં દખલ કરી શકે છે, જે હૃદય અને પિનીયલ ગ્રંથિને જોડતી ચેતાને નુકસાન પહોંચાડે છે, જે મેલાટોનિનના ઉત્પાદન માટે જવાબદાર છે. ગળામાં સ્થિત **SCG**, ઓટોનોમિક નર્વસ સિસ્ટમનો એક ભાગ છે, જે હૃદયના ધબકારા અને શ્વાસ જેવી અનૈચ્છિક પ્રક્રિયાઓને નિયંત્રિત કરે છે. આ સંભવિત જોડાણની તપાસ કરવા માટે, સંશોધકોએ મૃત હૃદયરોગના દર્દીઓ અને હૃદયરોગ વગરના વ્યક્તિઓના મગજના પેશીઓના નમૂનાઓનું વિશ્લેષણ કર્યુ હતું. પોસ્ટમોર્ટમ વિશ્લેષણમાં કંટ્રોલ ગ્રુપની સરખામણીમાં હૃદયરોગના દર્દીઓના **SCG**માં ચેતા તંતુઓની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો હતો અને આ ચેતા ઉપર સોજો અને ડાઘના ચિહ્નો પણ દર્શાવે છે. ઉંદરના પ્રયોગોમાં, આ ટીમે અવલોકન કર્યુ કે હૃદયરોગ ધરાવતા ઉંદરોની પીનીયલ ગ્રંથીઓમાં ઓછા ચેતાક્ષો અને તેમના લોહીમાં મેલાટોનિનનું સ્તર ઓછું હતું. વધુમાં, તેમની સર્કેડિયન લય, જે દિવસ-રાતના પ્રતિભાવોને નિયંત્રિત કરવા માટે જવાબદાર છે, તે પણ વિક્ષેપિત થઈ હતી. જો કે, જ્યારે ઉંદરને મેલાટોનિન આપવામાં આવ્યું હતું, ત્યારે આ વિક્ષેપ સંપૂર્ણપણે દૂર થયું હતો. વધુમાં, સંશોધકોએ શોધી કાઢ્યું કે મેક્રોફેજ નામના રોગપ્રતિકારક કોષો હૃદય રોગ સાથે ઉંદરના સર્વાઈકલ ગેન્ગ્લિયામાં હતા, જે સૂચવે છે કે રોગપ્રતિકારક પ્રતિભાવ ચેતાના નુકસાનમાં ફાળો આપી શકે છે. સાયન્સ જર્નલમાં પ્રકાશિત થયેલા આ તારણોને



કોલંબિયા યુનિવર્સિટીના મેડિકલ સાયન્સના આસિસ્ટન્ટ પ્રોફેસર બ્રુક અગ્રવાલ દ્વારા "મહત્વપૂર્ણ અને સમયસર" ગણવામાં આવે છે, જો કે તેઓ આ અભ્યાસમાં સામેલ ન હતા. તેણીએ આ મિકેનિઝમ ઉપર આધારિત સંભવિત સારવાર વિકસાવી શકાય તે પહેલાં વધુ સંભવિત અભ્યાસો અને ક્લિનિકલ ટ્રાયલ્સની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે. સંશોધકોને આશા છે કે આ અભ્યાસ હૃદયરોગને કારણે ઉંઘમાં આવતી ખલેલને દૂર કરવા માટે નવી દવાઓના વિકાસ તરફ દોરી જશે. ક્રોનિક હૃદય રોગ ધરાવતા દર્દીઓમાં ઊંઘની વિકૃતિઓની સારવારમાં ઉપચારાત્મક મેલાટોનિનની અસરકારકતા નક્કી કરવા માટે રેન્ડમાઈઝ્ડ ક્લિનિકલ ટ્રાયલ આવશ્યક છે. જો તે સફળ થાય, તો આ સારવારનો અભિગમ પરંપરાગત ઊંઘની ગોળીઓ સાથે સંકળાયેલ આડઅસરોથી ઘણા દર્દીઓને બચાવી શકે છે. વૈજ્ઞાનિકો હૃદયરોગ અને ઊંઘની સમસ્યાઓ વચ્ચેના આ નવા જોડાણમાં વધુ ઊંડાણપૂર્વક અભ્યાસ કરે છે, તેમ હૃદયની સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ માટે જીવનની ગુણવત્તા સુધારવા ઉપર સંભવિત અસર આશાસ્પદ છે. જો કે, રોગપ્રતિકારક કોશિકાઓને **SCG** તરફ લઈ જતી પદ્ધતિઓને સંપૂર્ણ રીતે સમજવા અને આ પ્રક્રિયામાં ચેતા કોષો અને સાયટોકાઈન્સની ભૂમિકાનું અન્વેષણ કરવા માટે હજુ વધુ સંશોધનની જરૂર પડશે.

### મોંઘા ટામેટાની ચોરીનો મોટો કિસ્સા

# કર્ણાટકથી જયપુર જતી ૨૦ લાખના ટામેટા ભરેલી ટ્રકની ચોરી

કોલાર, તા.૩

કર્ણાટકના કોલાર જિલ્લામાં ૨૦ લાખ રૂપિયાના ટામેટા ભરેલી ટ્રક ચોરી થવાની ઘટના સામે આવી છે. આ ટ્રક જયપુર જવા રવાના કરાઈ હતી. આ ટ્રક શનિવારે રાત્રે રાજસ્થાનના રાજધાની જયપુરમાં પહોંચવાની હતો, જોકે વચ્ચે જ ટ્રક ગાયબ થઈ જવાની ઘટના સામે આવી છે. જયારે ડ્રાઈવરનો સંપર્ક કરવામાં આવ્યો તો તેનો ફોન સ્વિચ ઓફ છે. ત્યારબાદ કોલાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી છે. બંને વેપારીઓએ ટામેટા જયપુર મોકલવા માટે ૨૭મી જુલાઈના રોજ ટ્રક બુક કરાવી હતી. પોલીસ સોર્સ મુજબ જીપીએસ ટ્રકમાં ટ્રકે ૧૬૦૦ કિલોમીટરની સફર કરી હોવાની માહિતી મળી છે. જોકે ત્યારબાદ ટ્રકને ટ્રેસ કરવામાં મુશ્કેલી સર્જાઈ છે. ટ્રકમાં સવાર કોઈની પાસે મોબાઈલ ન હોવાથી, ટ્રક ક્યાં ગયો તેનું અનુમાન લગાવવું પણ મુશ્કેલ છે. હાલ ટ્રકની યોગ્ય લોકેશન જાણવું અશક્ય લાગી રહ્યું છે. વેપારીના જણાવ્યા અનુસાર, જો ટ્રકનો અકસ્માત થયો હોત તો, અત્યાર સુધીમાં માહિતી મળી જતી. બંને વેપારીઓને ટ્રક ડ્રાઈવર આશંકા છે અને ટ્રક ડ્રાઈવરે જ ચોરી કરી હોવાનો આરોપ લગાવ્યો છે. થોડા દિવસો પહેલા તમિલનાડુમાં પણ ૨.૫ ટન ટામેટા ભરેલા ટ્રકને લૂંટમાં આવ્યો હતો. આ ટ્રકમાં લગભગ ૨ લાખની કિંમતના ટામેટા હતા. બેંગલુરુ પાસે એક કપલે આ કારસ્તાન કર્યું હતું. વાસ્તવમાં લૂંટેરી ગેંગના એક કપલે અકસ્માતનું તરકટ રચ્યું. ત્યારબાદ ખેડૂતની ટામેટા ભરેલી જીપને રોકી તેની પાસેથી નાણાં વસુલવાનો પ્રયાસ કર્યો. જ્યારે ખેડૂતો નાણાં આપવાનો ઈન્કાર કર્યો તો કપલ આખે આખી જીપ લઈને ફરાર થઈ ગયું.

# વન-ડે વર્લ્ડકપ : ભારત-પાકિસ્તાન વચ્ચેની હાઈવોલ્ટેજ મેચ ૧૪ ઓકટોબરે રમાશે ?

મુંબઈ, તા.૩

વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાનની મેચ ૧૫ ઓક્ટોબરના બદલે એક દિવસ પહેલા એટલે કે ૧૪ ઓક્ટોબરે રમાશે. તારીખ જરૂર બદલાઈ છે પણ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જ રમાશે. નવરાત્રીને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ આઈસીસીની સહમતીથી આ નિર્ણય લીધો છે. જો કે, હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત થઈ નાથી. મીડિયા રિપોર્ટ્સની માનીએ તો ટુર્નામેન્ટના શિડ્યુલમાં બીજા મોટા ફેરફાર થયા છે. ૧૫ ઓકટોબરથી નવરાત્રીની શરૂઆત થઈ રહી છે. નવદિવસ સુધી ચાલનારો આ પર્વ ગુજરાતમાં ઘણા ધૂમધામથી મનાવાય છે. દેશ વિદેશથી લોકો આવે છે. ભારત-પાકિસ્તાના મેચમાં પણ કંઈક આવો જ માહોલ રહેશે. આવામાં એક સાથે લાખો લોકોની સુરક્ષાને લઈ સિક્યોરિટી એજન્સીએ બીસીસીઆઈને પહેલા જ ચેતવી દીધું હતું. ત્યારબાદથી ભારતીય ક્રિકેટ બોર્ડ નવી તારીખો પર વિચાર કરી રહ્યું હતું.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ગણ યુનિવર્સીટી ઓફ ક્વીનસલેન્ડ, ઓસ્ટ્રેલીયા ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ લેશે

## આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે જનાર પ્રાધ્યાપકગણ માટે પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમની યોજાઈ





જૂનાગઢ, તા.૩

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈ.સી.એ.આર.,ન્યુ દિલ્લી અંતર્ગત ડો.કે.સી.પટેલ, ડાયરેક્ટર આઈ.ટી., જુ.કૃ.યુ., જૂનાગઢ ને વેસ્ટર્ન સિડની યુનિવર્સીટી, ઓસ્ટ્રેલીયા ખાતે ડો.પી.આર.ડાવરા, મદદનીશ પ્રાધ્યાપક, પી.એફ.ઈ. વિભાગ, કૃ.ઈ.ટે.કો. જુ.કૃ.યુ., જૂનાગઢને ખાદ્ય સંશોધન કેન્દ્ર, એશટાઉન, ડબલિન, આયર્લેન્ડ ખાતે તેમજ ડો.ચંદ્રકાંત સિંઘ, આસિસ્ટન્ટ રીસર્ચ સાયન્ટીસ્ટ, કૃષિ મહાવિદ્યાલય, જુ.કૃ.યુ., જૂનાગઢને યુનિવર્સીટી ઓફ ક્વીનસલેન્ડ, ઓસ્ટ્રેલીયા ખાતે આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે મોકલવામાં આવનાર છે.

આંતરરાષ્ટ્રીય તાલીમનો સંપૂર્ણ ખર્ચ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી., આઈસીએઆર., ન્યુ દિલ્લી અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા થનાર છે. આંતરરાષ્ટ્રીય તાલીમમાં જનાર પ્રાધ્યાપકો માટે પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમનીનું આયોજન વી.સી. કોન્ફરન્સ હોલ,કૃષિ યુનિ. જૂનાગઢ ખાતે યોજાયું હતું. આ પ્રિ-ડિપાર્ચર અને સેન્ડ ઓફ સેરેમનીનું આયોજન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી.પી. ચોવટિયાની પ્રેરણા તેમજ ડો.આર.બી.માદરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન નિયામક અને આઈ.ડી.પી.યોજનાના પી.આઈના માર્ગદર્શન હેઠળ થયેલ હતું. આ કાર્યક્રમમાં ખાસ આમંત્રિત તરીકે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલયના આચાર્ય અને ડીન તથા કો-પી.આઈ. (આઈ.ડી.પી.), ડો. એન. કે. ગોંટીયા, કૃષિ મહાવિદ્યાલયના ઇન્ચાર્જ આચાર્ય અને ડીન તથા કો-પી.આઈ. (આઈ.ડી.પી.), ડો. જે. બી. પટેલ, કુલસચિવ અને કો-પી.આઈ. (આઈ.ડી.પી.), ડો.પી. એમ. ચૌહાણ, સહ સંશોધન નિયામક તથા નોડલ ઓફિસર (આઈસીએઆર), ડો.પી. મોહનોત, સહ સંશોધન નિયામક, ડો. વી. ડી. તારપરા, હિસાબી અધિકારી, એસ.કે. જેઠાણી, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના પ્રતિનિધિ ડો. એચ. સી. છોડવડીયા તેમજ અન્ય પ્રાધ્યાપક અને વડાશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલસચિવ અને કો-પી.આઈ. (આઈ.ડી.પી.), ડો. પી. એમ. ચૌહાણએ પ્રાસંગિક સંબોધનમાં પ્રાધ્યાપકગણોને આંતરરાષ્ટ્રીય તાલીમ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ડો.આર.બી. માદરીયા, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના સંશોધન નિયામક તેમજ આઈ. ડી. પી. યોજનાના પી.આઈ. એ પ્રાસંગિક ઉદબોધનમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીમાં ચાલી રહેલ રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી. અંતર્ગત થયેલ વિવિધપ્રવૃતીઓ વિશે માહિતી આપી હતી. આંતરરાષ્ટ્રીય તાલીમ અંતર્ગત આધુનિક તકનીકોના જ્ઞાનનો લાભ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ તેમજ ખેડૂતોને મહતમ મળે અને ખેતીમાં ઉન્નતીના દ્વાર ખુલે તે માટે આહવાહન કર્યુ હતું.

આ કાર્યક્રમમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો.વી. પી.ચોવટિયાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવેલ કે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચશિક્ષણ કાર્યક્રમના આઈ. ડી.પી.,આઈ.સી.એ.આર. અંતર્ગત પ્રાધ્યાપકોને આ તકનીકી યુગમાં આધુનિક તકનીકોનું ઊંડાણ પૂર્વક જ્ઞાન મળી રહે તે દિશામાં સતત પ્રયત્નશીલ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી પ્રાધ્યાપકોને વિશ્વની ખ્યાતનામ સંસ્થાઓમાં આંતરરાષ્ટ્રીય તાલીમ અર્થે મોકલવાનો ઉદેશ આધુનિક કૃષિ વિષયક તકનીકોનું આંતરરાષ્ટ્રીય તાલીમમાંથી ઉત્કૃષ્ઠ જ્ઞાન મેળવી અને તેનો લાભ આજની યુવા પેઢી તેમજ આપણી કૃષિ યુનિવર્સીટીને આપે અને તેના દ્વારા ગામડાઓના સર્વાંગી વિકાસમાં સહભાગીદાર બને તેવો છે.

# જૂનાગઢમાં અગત્યના ડોક્યુમેન્ટ વાળો ગુમ થયેલ થેલો શોધી અપાયો





જૂનાગઢ, તા.૩

જૂનાગઢમાં બનેલા એક બનાવમાં અરજદાર પુજાબેન બાબુભાઈ ટાંક જૂનાગઢ શહેરના વતની હોય અને અમૃત ઈન્સ્ટિટ્યુટ ખાતે નોકરી કરતા હોય. પુજાબેન ઘરેથી પોતાની નોકરીના સ્થળે જવા માટે ઓટોરિક્ષામાં બેસેલ. ઓટો રીક્ષામાંથી ઉતર્યા બાદ તેમને માલુમ થયેલ કે તેમની સાથેનો ૧ થેલો ઓટો રીક્ષામાં ભુલી ગયેલ જે થેલામાં પુજાબેનનાં મેડિકલ કોલેજના ઓરિજનલ ડોક્યુમેન્ટ તેમની કારકિર્દી દરમ્યાન મેળવેલ તમામ ઓરીજીનલ માર્કશીટ, એલ.સી. તેમજ અન્ય સામાન હતો. જે થેલો ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય, તે વ્યથિત થઈ ગયેલ હતા. આ બાબતની જાણ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ના પી.એસ.આઈ. પી.એચ.મશરૂને કરતા નેત્રમ શાખા પોલીસ સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જૂનાગઢ રેન્જના ડીઆઈજી નિલેશ જાજડીયા તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ હેડ ક્વા. ડીવાયએસપી એ.એસ.પટણીના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કોન્સ. રાહુલભાઈ મેઘનાથી, કિંજલબેન કાનગડ, શિલ્પાબેન કટારીયા, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહીતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી પુજાબેન ટાંક જે ઓટો રિક્ષામાં બેસેલ તે રિક્ષાનો સમગ્ર રૂટ વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજની મદદથી ચેક કરતા પુજાબેન ટાંક જે ઓટો રીક્ષામાંથી ઉતરેલ તે ઓટો રીક્ષાના રજીનં **GJ ૦૭ VW** ૪૩૩૬ શોધી કાઢવામાં આવેલ. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા ઓટો રીક્ષા ચાલકને શોધી પુજાબેન ટાંકનો ઓરીજનલ ડોક્યુમેન્ટ સહિતના સામાનનો થેલો પરત અપાવેલ. નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પોતાના કારકિર્દીના ડોક્યુમેન્ટ્સ સહિતના સામાનનો થેલો સહી સલામત પરત અપાવવા માટે કરેલ સવેંદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને પુજાબેન બાબુભાઈ ટાંક દ્વારા નેત્રમ શાખાના પોલીસ સ્ટાફનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા શ્રી હર્ષદ મહેતા દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા (કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, નેત્રમ શાખાના પોલીસ સ્ટાફ દ્વારા પુજાબેન બાબુભાઈ ટાંકના ઓરીજનલ ડોક્યુમેન્ટ સહિતના સામાનનો થેલો પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

# રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ચાર બેનમૂન અમૃત સરોવરોનું નિર્માણ

## ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં જૂનાગઢ, જામનગર અને દ્વારકા જીલ્લાઓમાં અમૃત સરોવર પ્રવાસન સ્થળ બન્યા





(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૩

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દરેક જિલ્લામાં ૭૫ અમૃત સરોવરોનું નિર્માણ કરવા અને તેમાં સરકાર ઉપરાંત સ્વૈચ્છિક-સેવાભાવી સંસ્થાઓ , ઉદ્યોગગૃહો વગેરેને યોગદાન આપવા માટે કરેલા આહ્વાનને સ્વીકારીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ત્રણ જિલ્લાના ચાર સ્થળોએ અમૃત સરોવર નજીક પ્રવાસનયોગ્ય વિકાસ કરીને તેમની કલ્પનાને સાકાર કરવામાં આવી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શનમાં જૂનાગઢ, જામનગર અને દ્વારકા જિલ્લામાં ચાર સ્થળોએ બેનમૂન 'અમૃત સરોવર'નો વિકાસ કરી વહીવટી તંત્રને સોંપવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ધનરાજભાઈ નથવાણીએ અંગત રીતે રસ લઈને પ્રધાનમંત્રીની 'અમૃત સરોવર' યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાના પસવાડા ઉપરાંત જામનગર જિલ્લાના નાની ખાવડી, નવાણીયા તથા દેવભૂમી દ્વારકા જિલ્લાના સામોર ખાતે અમૃત સરોવરોના નિર્માણ માટે પણ સંપૂર્ણ જવાબદારી સ્વીકારી રિલાયન્સની પ્રણાલીકા મુજબ ઉત્તમ કક્ષાના સરોવરોનું નિર્માણ સંપન્ન કરી લોકાર્પિત કરેલ છે. અમૃત સરોવર બ્યુટીફિકેશન પ્રોજેક્ટમાં પેવર બ્લોક સાથે ભોંયતળિયું તૈયાર કરાવવાનો, ધ્વજ ફરકાવવાની વ્યવસ્થા તથા બેન્ચની સ્થાપના અને વૃક્ષારોપણનો સમાવેશ થાય છે. જૂનાગઢના જિલ્લા વિકાસ અધિકારી શ્રી મિરાંત પરીખે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વિકસાવાયેલું પસવાડા ખાતેનું 'અમૃત સરોવર' સમગ્ર જૂનાગઢ જિલ્લામાં અદ્વિતીય હોવાનું જણાવીને જિલ્લાના તેમજ અન્ય સહેલાણીઓ ગિરનારની ગોદમાં આવેલા આ અમૃત સરોવરનો પ્રવાસન સ્થળ તરીકે લાભ લઈ રહ્યાં હોવાનું ઉમેર્યુ છે. જિલ્લા વિકાસ અધિકારીએ આ 'અમૃત સરોવર'ની રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાઈ હોવાનું ગૌરવ વ્યક્ત કરીને ગુજરાત ખાતેના લોક કલ્યાણની આ કામગીરીમાં રિલાયન્સના યોગદાનને બિરદાવ્યું છે. અહીં ગ્રામજનો, સરકાર , શાળા અને રિલાયન્સના પ્રતિનિધિઓની હાજરીમાં ધ્વજવંદન કરવામાં આવે છે. પસવાડાના સરપંચ જયસિંહભાટી અને ગ્રામજનો પણ અમૃત સરોવરના નિર્માણથી ખૂબ પ્રસન્ન છે અને નજીકમાં આવેલા પ્રસિદ્ધ સરકડીયા હનુમાનજીના દર્શને આવતા પ્રવાસીઓ પણ ખાસ આ સરોવરનું સૌંદર્ય માણતા હોવાથી ગામમાં એક અનોખું વાતાવરણ સર્જાયું હોવાનો આનંદ વ્યક્ત કરે છે.

# પ્રાંચી તીર્થ ખાતે સમસ્ત વાંઝા દરજી સમાજ દ્વારા સાધારણ સભા યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩

પ્રાચી તીર્થ ખાતે સમસ્ત વાંઝા દરજી સમાજ દ્વારા સાધારણ સભાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દીપ પ્રાગટ્ય સુત્રાપાડા મહિલા મંડળના પ્રમુખ અસ્મિતાબેન વઢવાણા તથા આગેવાનો દ્વારા કરીને આ કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ તેમજ હિંગળાજ માતાની આરતી સમૂહમાં કરવામાં આવેલ હતી. ત્યારબાદ સાધારણ સભા વિશે વાલજીભાઈ જેઠવા, મોહનભાઈ ડી. જેઠવા, અસ્મિતાબેન વઢવાણા તેમજ પ્રમુખ જગદીશભાઈ એલ. વઢવાણાએ સમાજલક્ષી વિચારો તેમજ બીજા સમૂહ લગ્ન વિશે માહિતી રજુ કરેલ હતી. સાથે સુત્રાપાડા તાલુકામાં શૈક્ષણિક બાબત માટે આગામી કાર્યક્રમ લાભપાંચમના રોજ ધો.૧ થી ૧૦ના બાળકોને ચોપડા વિતરણ તેમજ ગવરમેન્ટ, પ્રાઈવેટ જોબ કરતા કર્મચારીનું સન્માન કરવામાં આવશે તથા સુત્રાપાડા ગોપી મંડળ દ્વારા સત્સંગનું સુંદર આયોજ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં બીજા સમૂહ લગ્ન માટે દાતા દ્વારા દાનના શ્રી ગણેશ કરેલ હતા. જેમાં બીજા સમૂહ લગ્ન તારીખ ૨૮-૧૧-૨૩ના નક્કી કરવામાં આવેલ જેની લગ્ન નોંધણી તારીખ ૧૯-૯-૨૩ના રોજ રાખેલ છે તો વધુમાં વધુ જ્ઞાતિબંધુઓ સમુહ લગ્નમાં જોડાય તેવો આગ્રહ કરવામાં આવેલ છે.

# કેશોદ તાલુકાની નાની ઘંસારી પ્રાથમિક શાળા સ્થાપના દિવસ ૭૫ વર્ષ પુર્ણ થયા

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૩

૨ ઓગસ્ટ નાની ઘંસારી પ્રાથમિક શાળાનો સ્થાપના દિવસ તા.૨-૮-૧૯૪૮ના દિવસે શાળા શરૂ થઈ એટલે શાળાનો જન્મદિવસ પણ કહી શકાય શાળાને ૭૫ વર્ષ પૂર્ણ થયાં અને ૭૬માં વર્ષની શરૂઆત થઈ આ સમય ગાળા દરમ્યાન નાની ઘંસારી ગામના લગભગ ૩૫૦૦ જેટલાં લોકોએ નાની ઘંસારી પ્રા. શાળામાંથી શિક્ષણ મેળવ્યું અને પોતાના અલગ અલગ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. તેમજ આ દરમ્યાન નાની ઘંસારી પ્રાથમિક શાળામાં કાંતિભાઈ મહેતા, ભટ્ટ સાહેબ, તુળજાશંકર (ભનું બાપા), ગજેન્દ્ર પંડ્યા, છગનભાઈ ગઢીયા, લક્ષમણભાઈ સોલંકી, અરસીભાઈ નંદાણીયા, ભીમસીભાઈ કરંગિયા, કારાભાઈ ભેટારીયા, પૂરણગીરી અપારનાથી, ઈશ્વરપરી બાપુ, પરસોતમભાઈ વ્યાસ, અમુભાઈ પંડ્યા, કરશનદાસ કાનાબાર, નાગજીભાઈ ખેર, દિલીપભાઈ જોષી, ઉષાબેન જોષી, પ્રભુદાસ જોષી, મનસુખભાઈ ચનીયારા, મનીષાબેન ગોજીયા, રસિકભાઈ મણવર, વિનોદરાય પંડ્યા, રાજેશ ધામા, શૈલેષભાઈ પીઠીયા, અરજણભાઈ કચોટ જેવા શિક્ષકો શાળામાં પોતાની ફરજ બજાવેલી છે. તેમજ હાલમાં મનીષાગીરી અપારનાથી, કાજલબેન મ્યાત્રા, દિનેશભાઈ કરંગિયા, મીનાક્ષીબેન ભેડા, કમલેશભાઈ બોરખતરીયા, પૂજાબેન બેરા, સતિષભાઈ જોટવા અને ભારતીબેન કડછા ફરજ બજાવે છે. આ તકે સૌને જેમણે શાળામાંથી શિક્ષણ મેળવ્યું છે અને જેમને શાળામાં શિક્ષણ આપ્યું છે તે સૌને પ્રણામ. સાથે સાથે જ શાળામાં ગ્રામપંચાયતના સહયોગથી ભૌતિક સુવિધામાં વધારો કરી શક્યા છીએ, તેમજ વિવિધ દાતાઓ દ્વારા પણ જરૂર પડે ત્યારે સહયોગ કરવામાં આવ્યો છે. તેમને પણ આ તકે યાદ કરવા રહ્યા. તેમજ માજી સરપંચ રામભાઈ હડિયા અને દાન બપાનાસ મય દરમ્યાન શાળાની ભૌતિક સુવિધામાં જે વધારો થયો છે, જે આંખે દેખાય છે તેમજ હાલના સરપંચ જયેશભાઈ અને તેમની ટીમ દ્વારા પણ શાળાના વિકાસ માટે સારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ગ્રામપંચાયત અને ગામ લોકોના જરૂરી સહયોગ અને સહકારથી નાની ઘંસારી પ્રાથમિક શાળા ભવિષ્યમાં એક સારા નાગરિક અને શ્રેષ્ઠ વ્યક્તિનું સર્જન કરે એજ અભિલાષા વ્યકત કરતા નાની ઘંસારી પ્રાથમિક શાળાના આચાર્ય મનિષગીરી અપારનાથીએ જણાવ્યું હતું.

# જૂનાગઢ ખાતે ચુવાળીયા કોળી સમાજની બેઠક મળી



જૂનાગઢ, તા.૩

સંત શ્રી વેલનાથબાપુની ૨૦૦૦ પગથિયા ગીરનાર જગ્યાના વિકાસ બાબતે જૂનાગઢ ખાતે ચુવાળીયા કોળી સમાજની અગત્યની બેઠક મળી હતી. જૂનાગઢ ન્યુ બેસ્ટ ઈંગ્લિશ સ્કુલ જોષીપરા ખાતે જૂનાગઢ શહેર તથા તાલુકાના ચુવાળીયા કોળી સમાજના મુખ્ય આગેવાનોની એક અગત્યની બેઠક મળી હતી જેમાં ગીરનાર ૨૦૦૦ પગથિયા ઉપર આવેલા સંત શ્રી વેલનાથબાપુની આરાધ્ય ચેતન સમાધિના વિકાસ માટે ગુજરાત સરકાર પાસે માંગણી કરવામાં આવે તે બાબતની પ્રથમ બેઠક મળી જેમાં આગેવાનો અને જ્ઞાતિજનોની હાજરીમાં ગુજરાત સરકાર પાસે રજુઆત કરવા બાબતે ચર્ચા વિચારણા કરી હતી અને આ બાબતની સૌરાષ્ટ્રભરના આગેવાનોની બીજી બેઠકનું આયોજન ટૂંક સમયમાં કરવામાં આવશે તેમ નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બટુકભાઈ મકવાણા, કાળુભાઈ કડીવાંર, મહંત શ્રી સુંદરનાથ બાપું (પલાસવા), જીતેન્દ્ર એમ રાનેરા, અશોકભાઈ મકવાણા, કાળુભાઈ ચાવડા, સમજુભાઈ સોલંકી, મોહનભાઈ માંડવિયા, કાળુભાઈ વાઘેલા, રમેશભાઈ રાઠોડ, પ્રવિણભાઈ વાઘેલા, હરેશ ભાઈ મકવાણા, અરવિંદભાઈ ચાવડા, તુષારભાઈ માંડલિયા, ચિરાગભાઈ ચાવડા, પરેશભાઈ મકવાણા, નરેશભાઈ ચાવડા વગેરે આગેવાનો એ હાજરી આપેલ હતી.

# સોમનાથના ત્રિવેણી સંગમ નદીમાં ડુબી રહેલ વૃધ્ધાને પોલીસ જવાનોએ જીવના જોખમે બચાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૩

સોમનાથ સાનિધ્યમાં આવેલ ત્રિવેણી સંગમની હિરણ નદીમાં ડુબકી લગાવી રહેલ વૃધ્ધા એકાએક પ્રવાહમાં ડુબવા લાગેલ ત્યારે ત્યાં ફરજ બજાવી રહેલ પોલીસ જવાનોએ જીવના જોખમે નદીમાં કુદીને વૃધ્ધાને હેમખેમ રીતે બહાર કાઢીને બચાવી લીધાની પ્રેરક કામગીરી કરી હતી. સોમનાથમાં પડેલ ભારે વરસાદના કારણે પંથકના નદી-નાળાઓ છલોછલ ભરેલા છે. જેમાં પંથકની હિરણ નદીમાં હજુ પણ ભરપુર પાણી જોવા મળી રહ્યુ છે. ત્યારે આ નદીનો સોમનાથ સાનિધ્યે ત્રિવેણી સંગમના ઘાટમાં અન્ય નદી સાથે સંગમ થાય છે. ત્યારે આ ઘાટ ઉપર કાયમી હજારો શ્રધ્ધાળુઓ આસ્થાભેર ડુબકી લગાવતા હોય છે. ત્યારે હાલ નદીમાં પાણીનો પ્રવાહ ભરપુર હોવાથી ત્રિવેણી ઘાટ અને આસપાસ પોલીસ દ્વારા વિશેષ પેટ્રોલીંગ કરવામાં આવી રહ્યુ છે. દરમ્યાન આજે સવારે આ ઘાટની હિરણ નદીના



## પેટ્રોલીંગ કરી રહેલ પોલીસ જવાનોની નજર નદીમાં બચાવો બચાવો કરી રહેલ વૃધ્ધા ઉપર જતા જ નદીમાં કુદકો મારેલ

કાંઠે ડુબકી લગાવી રહેલ સ્થાનીક કેસરબેન ખીમજીભાઈ વણિક નામની વૃધ્ધા એકાએક પાણીના જોરદાર પ્રવાહમાં તણાવા લાગી હતી. જેથી વૃધ્ધાને ડુબવાનું જોખમ જણાતા બચાવો... બચાવો..ની ચીસ્સો પાડીને હવાતીયા મારી રહી હતી. તે સમયે ત્યાં પેટ્રોલીંગ કરી રહેલ પ્ર.પાટણ પોલીસના દેવજી પુનભાઈ, સુનીલ કેશવભાઈ, વિજય નકાભાઈ, કમલેશ ભૂપતભાઈ, યોગેશ ઉકાભાઈ પૈકીના બે જવાનોએ જીવના જોખમે નદીમાં કુદકો લગાવી વૃધ્ધા પાસે તરીને પહોંચી હેમખેમ રીતે કાંઠા સુધી લઈ આવી અન્ય સ્ટાફની મદદથી હેમખેમ રીતે બહાર કાઢી બચાવી લીધા હતા. બાદમાં વૃધ્ધાને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ લઈ જવામાં આવેલ હતા. આમ, પોલીસ જવાનોની સતર્ક જીવને જોખમમાં મુકી કર કામગીરીના કારણે એક વૃધ્ધા મોતના મુખમાંથી બચી જવા પામી છે.

### પવિત્ર શ્રાવણ માસનો નજીકના સમયમાં જ પ્રારંભ થનાર છે ત્યારે

# જૂનાગઢના ધાર્મિક સ્થળોને જોડતી યાત્રા બસ સેવા શરૂ કરવા ભાવિકોની માંગ

## જૂનાગઢના વિવિધ ધાર્મિક સ્થળો ઉપરાંત ભવનાથને જોડતી સીધી સેવા શરૂ થાય તો ભાવિકોને ખુબ જ રાહત થશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩


જૂનાગઢ શહેરના લોકોને ધાર્મિક સ્થળોના દર્શનનો લ્હાવો મળી શકે તેમજ શહેરના મુખ્ય મથક ખાતેથી જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં આવતા ધાર્મિક સ્થળો માટે એક સ્પેશ્યલ બસ સેવા શરૂ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ભાવિક જનતામાં ઉઠવા પામી છે. આ બાબતે જૂનાગઢ શહેરનું મનપા તંત્ર અથવા તો એસટી વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરે તેવી અપેક્ષા રાખવામાં આવી છે.

અધિક પુરૂષોતમ માસના પવિત્રો દિવસો દરમ્યાન જૂનાગઢ શહેર અને જીલ્લાભરમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો ચાલી રહ્યા છે. અધિક પુરૂષોતમ માસને પુરો થવામાં હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને ત્યાર બાદ ભગવાના ભોળાનાથને ભજવાનો અવસર એટલે કે શ્રાવણ માસના પવિત્ર દિવસો શરૂ થવાના છે અને દેવાધીદેવ ભગવાન શીવજીની ભકિતમાં ભાવિકો લીન બની જશે અને અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાનાર છે. દરમ્યાન અધિક પુરૂષોતમ માસ અને શ્રાવણ માસ દરમ્યાન ધાર્મિક કાર્યો અને પુણ્ય કાર્યો સતત થતા હોય હવે જયારે નજીકના દિવસોમાં શ્રાવણ માસનું આગમન થવાનું છે ત્યારે લોકો દેવ દર્શન માટે વિવિધ સ્થળોની મુલાકાત લેતા હોય છે. જૂનાગઢ શહેરના ભાવિકજનોની લાગણી અને માંગણી છે કે, શ્રાવણ માસમાં જૂનાગઢ ખાતેથી સ્પેશ્યલ બસ સેવા પ્રાપ્ત થાય ખાસ કરીને જૂનાગઢથી ભવનાથ, ઈન્દ્રેશ્વર મહાદેવ, રામનાથ મહાદેવ, વાઘેશ્વરી માતાજી, ગાયત્રી માતાજી મંદિર તેમજ જૂનાગઢ શહેરમાં આવેલા જુદા-જુદા ધાર્મિક સ્થળોની મુલાકાત માટે આ ધાર્મિક યાત્રા રૂટની બસ શરૂ થાય અને શહેરમાં આવેલા તમામ ધાર્મિક સ્થળો કે જયાં શકય હોય ત્યાં સુધી વાહન વ્યવહાર જઈ શકે તેવા સ્થળોની યાત્રા બસ સેવા શરૂ કરવા ભાવિકોની લાગણી અને માંગણી રહેલી છે.




# ભેંસાણ તાલુકાના ચુડા ગામે વૃધ્ધાની ગળુ કાપી નિર્મમ હત્યા

## મૃતક મહિલાના સોનાના બુંટીયા ગુમ : લુંટ ચલાવી મોતને ઘાટ ઉતારી અજાણ્યા શખ્સો ફરાર











(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ચુડા ગામે એકલા રહેતા વૃદ્ધાની તેના ઘરના પાણીના ટાંકામાંથી હત્યા કરાયેલી લાશ મળીઆવતા ચકચાર જાગી ઉઠી છે. વૃદ્ધાએ પહેરેલા દાગીના ગાયબ હોવાથી લૂંટના ઈરાદે હત્યા થયાની આશંકા વ્યકત કરવામાં આવી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી ફોરેન્સિક પીએમ માટે મૃતદેહને જામનગર મોકલી આપ્યો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકાના ચુડા ગામમાં જીવતીબેન બાબુભાઈ વસાણી તેમના પતિના અવસાન બાદ પાંચ વર્ષથી એકલા રહેતા હતા. અધિક માસ ચાલી રહ્યો હોય જીવતીબેન દરરોજ સવારે વહેલા ઉઠીને મંદિરે દર્શન કરવા માટે જતા હતા. પરંતુ, ગઈકાલે તેનો દરવાજો ન ખુલતા પાડોશી તપાસ કરવા માટે ઘરની અંદર જતા જીવતીબેનના ખાટલા ઉપર અને ઘરમાં લોહીના નિશાન જોવા મળ્યા હતા અને ઘરના પાણીના ટાંકામાં લાશ પડી હતી. પાડોશીએ આ બાબતે તેમના પુત્રને જાણ કરતા તે ચુડા ગામ દોડી આવ્યા હતા. જીવતીબહેનની લાશ પાણીના ટાંકામાંથી મળી આવ્યા બાદ તેને કાનમાં અને ડોકમાં પહેરેલા દાગીના ગાયબ હતા. ગળાના ભાગે ઈજાના નિશાન પણ જોવા મળ્યા હતા. જેથી અજાણ્યા વ્યકિતએ લૂંટના ઈરાદે હત્યાને અંજામ આપ્યો હોવાનું મનાઈ છે. મૃતક જીવતીબહેન પતિનું અવસાન થયા બાદ ચુડા ગામમાં એકલા જ રહેતા હતા. તેમનો નાનો દીકરો અમદાવાદમાં હીરા ઘસતો હતો. જ્યારે મોટો દીકરો ભેંસાણમાં હીરા ઘસવાનું કામ કરે છે. આ મામલે ડીવાયએસપી હિતેષ ધાંધલ્યાએ જણાવ્યું હતું કે, મૃતકના ગળા અને માથાના ભાગે તીક્ષણ હથિયારોના ઘા માર્યાના નિશાનો મળી આવ્યા છે. દરમ્યાન આ બનાવ અંગે મૃતક મહિલાના ભેસાણ ખાતે રહેતા પુત્ર હરસુખભાઈ બાબુભાઈ વાસાણીની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે લુંટ અને હત્યાનો ગુનો નોંધી મૃતદેહને ફોરેન્કસીક પોસ્સ્ટમોટમ માટે જામનગર ખાતે મોકલી આપેલ છે. જયારે હત્યાનો ભેદ ઉકેલવા માટે ડોગ સ્કવોડ અને એફએસએલની મદદ લઈ રહી છે. દરમ્યાન આ હત્યાનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ શહેર અને જીલ્લામાં માથુ ઉંચકતો આંખનો રોગચાળો



## આંખ આવવાના ૩૫૦૦ થી ૪૦૦૦ કેસ : આંખ રોગના કેસમાં ઉછાળો, આડેધડ ટીપા લેવા હિતાવહ નહિં

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩

જૂનાગઢ જીલ્લામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આંખ આવવાના કેસથી લોકો ઘરે ઘરે પરેશાન છે. કેટલાક લોકો આ રોગને અખીયા મિલાકે રોગ પણ કહી રહ્યા છે, લોકો એક પછી એક આ ચેપની ઝપેટમાં આવી રહ્યા છે. આ રોગ થતાની સાથે કેટલાંક લોકો આડેધડ ટીંપા લેવાનું શરૂ કરે છે જે હિતાવહ નથી. આ રોગ બાળકોમાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. બાળકો, એલર્જિક દર્દીઓ, વૃદ્ધો અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો તેનાથી પીડિત થવાની સંભાવના વધારે છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં આખા આવવાના કેસમાં ઉછાળો આવ્યો છે. રોજ ૩૫૦ થી ૪૦૦ કેસ આવી રહ્યા છે. સિવિલ હોસ્પિટલનાં આંખનાં વિભાગના વડા ડો. કિશન મકવાણાએ જણાવ્યુ હતું કે, ચોમાસાની અને ઠંડકની શરૂઆત થવાની સાથે આંખ આવવાના કેસ વધ્યા છે. હાલ સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૩૫૦ થી ૪૦૦ કેસ આંખના નોંધાય છે તેમાંથી રોજના ૩૦૦ કેસ આંખ આવવાના છે. છેલ્લા એક થી દોઢ મહિનામાં સિવિલમાં ૩,૫૦૦ થી ૪૦૦૦ કેસ નોંધાયા છે. સિવિલ હોસ્પિટલમાં ડ્રોપ્સનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. આંખ આવવાના કેસના દર્દીને ત્વરિત સારવાર મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચોમાસામાં ઓછા તાપમાન અને વધુ ભેજને કારણે લોકો બેકટેરિયા, વાયરસ અને એલર્જીના સંપર્કમાં વધુ ઝડપથી આવે છે અને તેના કારણે એલર્જીક પ્રતિક્રિયા અથવા નેત્રસ્તર દાહ જેવા આંખના ચેપનું કારણ બને છે. ભારે વરસાદને કારણે, ઘણા દિવસો સુધી ગંદુ પાણી ભરાયેલું રહ્યું. પાણી ભરાવાને કારણે અનેક રોગોનો ભય વધી જતો જોવા મળે છે. જો કે, આંખના કેસ આમાં સૌથી ઝડપથી વધી રહ્યા છે.

**સાવચેતીના પગલા**

જો તમે આ રોગની ઝપેટમાં આવી ગયા છો, તો સૌથી પહેલા તમારી જાતને બીજાથી અલગ કરો. ૩ થી ૪ દિવસ સુધી ઘરની બહાર જવાનું ટાળો, સ્વચ્છ, ધોઈ નાખેલો અને સૂકો ટુવાલ વાપરો, આંખોને વારંવાર હાથ સ્પર્શ ન થાય તે માટે ચશ્મા પહેરો અને સ્વચ્છતાનું વધુ ધ્યાન રાખવાની જરૂર છે.

**આંખ આવવાના લક્ષણો**

આંખ આવવાના લક્ષણોમાં લાલ આંખો, ખંજવાળ, સોજો, દુ:ખાવો, પોપચા ચોંટી જવા, આંખમાં સતત પાણીયુક્ત સ્રાવ, પ્રકાશ જોવામા સંવેદનશીલતા વગેરેનો સમાવેશ થાય છે.

**ખાનગી હોસ્પિટલોમાં દરરોજ ૨૦૦ થી ૩૦૦ કેસ**

જૂનાગઢ શહેરની બધી ખાનગી હોસ્પિટલોમાં પણ દરરોજ સરેરાશ ૨૦૦ થી ૩૦૦ આંખ આવવાના કેસ આવી રહ્યા છે. તબીબ પાસે સારવાર કરાવ્યા બાદ ત્રણથી ચાર દિવસમાં સારુ થઈ જાય છે. પરંતુ આડેધડ આંખનાં ટીપાં લેવા ના જોઈએ. ખાસ કરીને કોઈપણ મેડિકલ સ્ટોરમાંથી ડોકટરની સલાહ વગર ટીપા લઈને તેને આંખમાં નાખવામાં આવે તો ક્યારેક આંખને વધુ નુકસાન થઈ શકે છે. ખાસ કરીને સ્ટીરોઈડ કોમ્બિનેશનવાળા ટીપાનો ઉપયોગ ટાળવો જોઈએ. માટે ડોકટરની સલાહ મુજબ આંખના ટીપાનો ઉપયોગ કરવો જોઈએ.

# રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની જૂનાગઢમાં ઉજવણી કરાશે

## મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે કરાશે ધ્વજવંદન : રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણી માટે પૂર્વ તૈયારીઓ શરૂ કરાઈ : ૧૫મી ઓગસ્ટની પૂર્વ તૈયારીઓ માટે જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ

જૂનાગઢ તા.૩

રાષ્ટ્રીય પર્વ સ્વતંત્રતા દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી જૂનાગઢના બીલખા રોડ ઉપર આવેલ પોલીસ તાલીમ મહાવિદ્યાલય ખાતે કરવામાં આવશે. આ માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં પૂર્વ તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લાકક્ષાનાં ૭૭માં સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી ભાનુબેન બાબરીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. કલેકટર અનિલકુમાર રાણાવસિયાના નિર્દેશ મુજબ અધિક નિવાસી કલેકટર પી.જી. પટેલના વડપણ હેઠળ મળેલી બેઠકમાં ધ્વજવંદન થનાર ગ્રાઉન્ડની સ્થતિ તપાસી મંચ તૈયાર કરવા અને અન્ય જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે સૂચના આપી હતી.

ઉપરાંત સાફ-સફાઈ, વૃક્ષારોપણ, વીજ પુરવઠો, પાણી, સહિતની જરૂરી વ્યવસ્થાઓ કરવા માટે માર્ગદર્શનની સાથે નિર્દેશો આપવામાં આવ્યાં હતાં. આ બેઠકમાં નાયબ વન સંરક્ષક પ્રશાંત તોમર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જાડેજા, ડીવાયએસપી પટણી, પ્રાંત અધિકારી ભૂમિબેન કેશવાલા, પુરવઠા અધિકારી રીનાબેન ચૌધરી, પીજીવીસીએલના અધિક્ષક ઈજનેર બી.ડી. પરમાર સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિરે આજે પાટોત્સવની ઉજવણી





જૂનાગઢ તા. ૩

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પાટોત્સવની ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી છે. સવારે ૫.૩૦ કલાકે મંગળા આરતી અને ૬ થી ૭ સ્થાપિત દેવોનો અભિષેક તેમજ ૭.૧૫ કલાકે મહાઅભિષેક, આરતી અને ૮.૩૦ કલાકે અન્નકુટ દર્શન, શણગાર, આરતી અને સવારે ૯ થી ૧૦ આર્શિવાદ સભા યોજાઈ હતી. આ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા મુખ્ય કોઠારી પ્રેમસ્વરૂપદાસજી તથા કોઠારી પી.પી. સ્વામીએ જહેમત ઉઠાવી હતી.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
- કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mal : aum.ayurved.hospital@gmail.com



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માપસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.